**સુવિચાર**
અહંકાર વિનાના જીવનમાં જે પ્રસન્નતા છે, જે શાંતિ છે તે લાખો આપતા પણ ન મળે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૮/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ વદ–૧ વર્ષ : ૧૫ અંક : ૧૯૬

## એક તરફ મંદી, મોંઘવારી બીજી તરફ ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટથી ત્રાહીમામ

# અમરેલીનાં વેપારીઓ ફૂડ વિભાગનાં નિયમોથી પરેશાન

**વેપારીઓને લાયસન્સ રીન્યુ કરવા અને તાલીમ આપવાનાં નામે મોટી રકમ લેવામાં આવતી હોવાનું જણાવ્યું**

**વેપારીઓને તાલીમનાં નામે ખાનગી કંપની એક કલાકનું લેકચર આપી રહી છે**

**લાયસન્સ રીન્યુ કરવાનાં કાયદામાં દંડની જોગવાઈ અંગ્રેજ શાસનની યાદ અપાવે છે**

**ડિસ્ટ્રીકટ ચેમ્બરનાં પૂર્વ હોદ્દેદારો અને અનાજ કરીયાણાનાં વેપારીઓએ નાયબ દંડકને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા.૧

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બરનાં પુર્વ હોદેદારો અને અનાજ–કરીયાણાનાં વેપારીઓએ રાજયનાં ઉદ્યોગમંત્રી તેમજ નાયબ દંડકને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કુ, હાલમાં ગુજરાત રાજયમાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટમાં જે નાના મોટા



વેપારીઓ લાયસન્સ ધારક છે. રીટેઈલ તેમજ હોલસેલ વેપારીઓ ખાદ્ય પદાર્થનો વેપાર કરનારા તેમજ નાના દુકાન ધારકો માટે એક સમાન ફી રૂા. ૨,૦૦૦ વાર્ષિક છે. તેમજ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવેલ છે. એક વર્ષ પુરૂ થયા પહેલા એક માસ પહેલા લાયસન્સ રીન્યુ કરાવી લેવું પડે, જો વેપારીઓ અન્ય કારણસર પોતાનું લાયસન્સ રીન્યુ કરાવવાનું ભુલી ગયેલ હોય તો રોજનાં રૂા. ૧૦૦ લેખે પેનલ્ટી લાગે છે. તો આ કાયદો અંગ્રેજોના જમાનાની યાદ અપાવે છે. માટે તેમાં સુધારો કરી વેપારીઓને મેસેજથી જાણ કરવી જોઈએ અને લાયસન્સની મુદત પુરી થાય પછી એક માસનો રીન્યુ કરાવવાનો સમય આપવો જોઈએ. આ અન્યાયી કાયદામાં સુધારો કરી નાના વેપારીઓને રાહત આપવી જોઈએ અને ફી માં પહેલા રૂા.૫૦૦ હતી તે હાલ રૂા. ૨૦૦૦ કીર નાખેલ છે. તેમાં પણ સુધારો કરી નાના વેપારીઓ માટે રાહત આપવી જોઈએ અને વાર્ષિક ફી રૂા. ૫૦૦ કરવી જોઈએ. તેવી માંગ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, હાલમાં લગભગ ૧ વર્ષથી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડના કાયદામાં વેપારીઓ પાસેથી રૂા. ૧,૦૦૦ (અંકે રૂપિયા એક હજાર પુરા) ઉઘરાવીને ચાલીસથી પચ્ચાસ વેપારીઓને ભેગા કરી, તાલીમ આપવામાં આવે છે. જેમાં જુની પુરાણી તાલીમ આપવામાં આવે છે. તમારે દુકાનમાં ચોખ્ખાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## ''અમરેલી એકસપ્રેસ'' કાર્યાલયમાં રૂબરૂ પહોંચીને

# અમરેલીનાં બાબુભાઈ ધાનાણીએ પણ પોતાની આંખ ગુમાવી દીધી હોવાનું જણાવ્યું

**તેઓનું નામ પીડિતોની યાદીમાંથી ગાયબ થયાનો કર્યો આક્ષેપ**



અમરેલી, તા. ૧

અમરેલી સહિત સમગ્ર રાજયમાં ચકચારી બનેલ શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલનાં અંધાપાકાંડમાં ૧૨ પીડિતોને વળતર આપવાની જાહેરાત થયા બાદ અન્ય પણ પીડિતો ક્રમશઃ બહાર આવી રહ્યા છે.

દરમિયાનમાં અમરેલીનાં બાબુભાઈ રવજીભાઈ ધાનાણી અને તેમના પત્ની લાભુબેન બન્ને ગત નવેમ્બરમાં હોસ્પિટલમાં મોતીયાનાં ઓપરેશન માટે ગયેલ અને બન્નેએ આંખ ગુમાવી દીધી હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

## પીઆઈ આર.ડી. ચૌધરી, પીએસઆઈ રાધનપરા દ્વારા સપાટો

# ભૈ વાહ : બાબરામાં ધુમ સ્ટાઈલમાં દોડતા બાઈક અને અન્ય વાહનોનાં ચાલકો સામે પોલીસની લાલ આંખ

**માર્ગ અકસ્માત અટકાવવા માટે કાર્યવાહી શરૂ થતાં હાશકારો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧

બાબરામાં બેફામ રીતે દોડતા વાહનો અને અતિ હોર્ન મારી ધ્વનિ પ્રદુષણ ફેલાવતા વાહન ચાલકો પર કાબુ મેળવવો અતિ જરૂરી હોવાનું સ્થાનિક લોકોમાંથી રજુઆત કરવામાં આવતી હતી. ત્યારે બાબરા પોલીસના પીઆઈ આર.ડી. ચૌધરી, પીએસઆઈ રાધનપરા તેમજ અજયભાઈ યાદવ અને ટીઆરબીના જવાનો સહિતના પોલીસ કાફલા સાથે હાઈવે રોડ પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવતા મોટાભાગના વાહનો લાઈન્સ, આરસી બુક સહિતના અન્ય જરૂરી ડોકયુમેન્ટ વગરના જણાતા તેમજ બેફામ દોડતા અને બીજ જરૂરી ખોટા હોર્ન મારતા વાહન ચાલકોને દબોચી દંડ અને ડિટેઈન સુધીની કાર્યવાહી કરવામાં આવતા લોકોમાં રાહત જોવા મળી.

## થોડા દિવસો પહેલા બનેલ ઘટનાની તપાસ કરાશે

# સાવરકુંડલાનાં બગોયા ગામનાં યુવકની કથિત હત્યાનો આક્ષેપ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ કરતાં તપાસ શરૂ

**મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમની થશે કાર્યવાહી**

અમરેલી, તા. ૧

સાવરકુંડલા તાલુકાનાં બગોયા ગામની સીમમાંથી અગાઉ અરવિંદ પરમાર નામનાં યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવ અંગે સોશ્યલ મીડિયામાં હત્યાની આશંકા દર્શાવાતી હોય. ત્યારે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી દ્વારા સરકાર તથા અધિકારીઓ સામે થયેલા આક્ષેપો બાદ આજે પ્રાંત કલેકટર–સાવરકુંડલા, સમાજ કલ્યાણ



અધિકારી, મામલતદાર, ડીવાયએસપીની હાજરીમાં મૃતકનાં મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે થઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**નંદભુવન સોસાયટી**
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત ''રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક''
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ▪ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

**Sheetal**
"શીતલ દૂધ" શા માટે?
• "શીતલ દૂધ" છે સૌથી વધુ હાઇજીનિક
• "શીતલ દૂધ" તમામ પ્રકારના FSSAI ના માપદંડો તથા BRCGS-FSMA ના માપદંડો થી પેક કરવામાં આવે છે.
• ફેટ, વિટામીન, પ્રોટીન અને કેલ્શિયમ મેળવવાનો શ્રેષ્ઠ સ્ત્રોત છે "શીતલ દૂધ".


www.scplco.com
73000 51000

### એસપીની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# રાજુલા : ડુંગર પંથકમાંથી પરપ્રાંતિય ઈસમની દેશી પિસ્ટલ સાથે અટકાયત

### આરોપી સુરેશ ગર્ગ રે. રાજસ્થાનથી અટકાયત

અમરેલી, તા. ૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે અન્વયે ગેરકાયેદસર હથિયાર ધરાવતા ઈસમો ઉપર વોચ રાખી, આવા આરોપીને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ ગત તા.૩૧ નાં રોજ રાજુલા તથા



ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે દેવકા ગામેથી સુરેશ સુખલાલ ગર્ગ, રહે. પિન્ડોલીયા, જિ. ઉદેપુર (રાજસ્થાન) હાલ રહે. દેવકા (તા. રાજુલા)વાળા પરપ્રાંતીય ઈસમને દેશી હાથ બનાવટની પિસ્ટલ કિં. રૂા.પ,૦૦૦ સાથે પકડી પાડેલ છે.

# રાજુલા નગરની એબીવીપીની કારોબારીની નિમણુંક કરાઈ





અમરેલી, તા.૧

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની પ્રણાલી મુજબ દર વર્ષે નવી કારોબારીનું નિર્માણ થતું હોય છે જે મુજબ વર્ષ ૨૦૨૩ની રાજુલા નગરની કારોબારીની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં નગર મંત્રી તરીકે દેવાયતભાઈ વાઘ સહમંત્રી તરીકે યુવરાજભાઈ ખુમાણ, કુલદીપભાઈ કાતરીયા ભરતભાઈ વાવડીયાની નિમણૂક કરાઈ અને સાથે સાથે વિવિધ આયામો તથા ગતિવિધિઓની જવાબદારીની નિમણૂક પણ કરવામાં આવી. જે તકે અમરેલી જિલ્લા સંયોજક પ્રતિકભાઈ વણઝર હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓના હિત માટે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદએ હર હંમેશ વિદ્યાર્થીઓના હિત માટે પર રહેશે એવું નૂતન નગર મંત્રી દેવાયતભાઈ વાઘ દ્વારા જણાવવામાં આવ્યું હતું અને સાથે સાથે આવનારા સમયમાં વિદ્યાર્થી પરિષદ દ્વારા વિદ્યાર્થીઓ માટે અગામી કાર્યક્રમોની પણ યોજના બનાવવામાં આવી.

### એસપીની સુચનાથી એસઓજીનો સપાટો

# ખાંભા : ઉના નેશનલ હાઈવે ઉપર ગાંજાનાં જથ્થા સાથે એક વ્યકિતની અટકાયત

### રૂપિયા ૩૬ હજારનો મુદ્દામાલ પણ કબ્જે થયો

અમરેલી, તા. ૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર એસ.જી. દેસાઈ તથા એસ.જી.ઓ. પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય. એસ.ઓ.જી. ટીમ ખાંભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે ખાંભા–ઉના હાઈવે ઉપર રોડની જમણી બાજુ સરકારી પડતર જગ્યામાં મામાદેવનો આશ્રમ રાહાગાળા તરીકે ઓળખાતી જગ્યાનાં પુજારી ચંદુગીરી જમનાગીરી ગૌસ્વામી રહે. ખાંભા, તા. ખાંભાવાળા પોતાના કબ્જા ભોગવટાના



આશ્રમની ઓરડીમાં ગેરકાયદેસર કોઈપણ જાતના લાયસન્સ વગર ગાંજા જેવો માદક પદાર્થ રાખી વેચાણ કરે છે. તેવી ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતા ચંદુગીરી જમનાગીરી ગૌસ્વામી નામના ઈસમને વનસ્પતિજન્ય સુકો–ભેજ યુકત માદક પદાર્થ ગાંજાનો જથ્થો વજન ૩ કિલો કિંમત રૂા. ૩૦૦૦૦ તથા એક ડીઝીટલ ઈલેકટ્રીક વજન કાંટો કિંમત રૂા. ૧૦૦૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂા. ૫૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૩૬૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે અને મજકુર ઈસમને વધુ તપાસ અર્થે ખાંભા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે. અને પકડવા ઉપર બાકી રહેલ મહિલા આરોપીને પકડી પાડવા ચક્રોગતીમાન કરવામાં આવેલ છે.

### એડવોકેટ દ્વારા ભૂગર્ભ ગટર પ્રશ્ને

# લીલીયા મોટા ખાતે શરૂ થનાર ઉપવાસ આંદોલન મોકુફ રખાયું

### ટીડીઓએ ખાત્રી આપતાં હાશકારો

લીલીયા, તા. ૧

લીલીયાનાં ભયંકર ગટરનો પ્રશ્ન જે હતો અને તેના માટે ઘણી બધી અરજીઓ લેખિતમા તથા મૌખિક ગ્રામ પંચાયત તથા તાલુકા પંચાયતમાં પણ અવાર નવાર આપેલી છેવટે એડવોકેટ સંજય બગડાએ લેખિત અરજીઓ દ્વારા અને પછી ઉપવાસ પર બેસવાની તૈયારી બતાવી ગામહિત માટે આખરે ઉપવાસનાં એક દિવસ અગાઉ લીલીયા ટી. ડી.ઓ. હેતલબેન કટારા દ્વારા સંજય બગડાને બોલાવ્યા અને સાથે સાથે જિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ ભીખા ધોરાજીયા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પરીનભાઈ સોની, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ, પત્રકાર એકતા પરિષદના પ્રમુખ ઈમરાન પઠાણ, નીતિનભાઈ, તથા વેપારી મંડળની સાથે વાટાઘાટા કરી અને સંજય બગડાએ લેખિતમાં બાહેંધરી માંગી અને આખરે ટી.ડી.ઓ. હેતલબેન દ્વારા લેખિતમા બાહેંધરી આપી કે અમે અમરેલી, દામનગર, કુંડલાથી જેટિંગ મશીનો, પમ્પિંગ મશીનો, માણસો લાવીશું



અને લીલીયામાં ગટરના પ્રશ્નોનું નિરાકરણ કરીશું અને આ આવતી ચાર તારીખથી ચાલુ કરી દેશું. આમાં લીલીયા સરપંચ જીવનભાઈ વોરાએ પણ સહમતી દર્શાવી તથા આવનારા મજૂરોને રહેવા, જમવા તથા મશીનરોમાં ડિઝલ આપશે. એટલે એડવોકેટ સંજયભાઈ બગડાની મહેનત અને ધારદાર રજૂઆત રંગ લાવી જો આવનાર દિવસોમાં સંતોષકારક સફાઈ કામ ન થાય તો કાનૂની પગલાં ભરવાની પણ સંજય બગડા દ્વારા જણાવવામાં આવેલ છે. ત્યારે લીલીયા ચેમ્બર ઓફ કોમર્સ તથા વેપારીઓ જાગૃત ગ્રામજનોનો આ તકે સંજય બગડા દ્વારા આભાર માનવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

# આંબરડી માધ્યમિક શાળામાં શિક્ષણ વિભાગ દ્વારા નવા આચાર્યની નિમણુંક




તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા.૧

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિભાગ દ્વારા ખાલી પડેલ આચાર્યની જગ્યાઓ ભરવા મેખિક / લેખીક ઈન્ટરવ્યૂ પ્રક્રિયા આજે અમરેલી જિલ્લામાં પૂરી કરાઈ હતી. જેમાં સાવરકુંડલાના આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય તરીકે શાળાના મદદનીશ શિક્ષક મુકેશભાઈ માલવિયાની અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારીએ શાળાના ટ્રસ્ટી દિપકભાઈ માલાણીને નિમણુક પત્ર અપાયો હતો.

### પોલીસ જવાનોની સરાહનીય કામગીરી

# ગીરસોમનાથ જિલ્લાની પોલીસે મહિલાને મોતનાં મુખમાંથી બચાવી લીધી

### ત્રિવેણી નદી કાંઠે વૃધ્ધા નદીનાં પાણીમાં તણાતા બચાવી લેવાયા

ઉના, તા. ૧

સામાન્ય રીતે પોલીસને જ આજના સમયમાં લોકોનાં રક્ષક ગણવામાં આવે છે. પરંતુ કેટલાક પોલીસ અધિકારીઓએ અને કર્મચારીઓની ગેરવર્તણૂકનાં કારણે પોલીસ વિભાગનું નામ બદનામ થાય છે. તેમ છતાં એવા પણ કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ છે. જેમના કારણે આજે પણ પોલીસ વિભાગ ગર્વ લઈ શકે છે. આવાં જ કેટલાક પોલીસકર્મીઓની સરાહનીય કામગીરી આજે ગીર સોમનાથ જીલ્લામાં સામે આવી હતી. નદીમાં ડૂબી રહેલી એક મહિલાને પોલીસકર્મીઓએ નદીમાં કૂદીને બચાવી હતી અને નવજીવન આપ્યું હતું. આ ઘટનાનો વિડીયો પણ સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો હતો. જે જોઈને લોકો પોલીસકર્મીઓની આ કામગીરીનાં વખાણ કરી રહ્યાં છે.

બનાવની વિગત મુજબ, ગીર સોમનાથ ખાતે આવેલી ત્રિવેણી નદી કાંઠે એક વૃધ્ધ મહિલા સવારે અધિક શ્રાવણ માસને લઈ પૂજા કરવા માટે ગયા હતા. તે દરમિયાન તેઓ નદીનાં પાણીનાં પ્રવાહ સાથે નદીમાં ગરકાવ થઈ જતાં ડૂબવા લાગ્યાં હતાં. તેમણે બચાવવા માટેની બૂમો પાડતા ત્યાં ફરજ પર હાજર જવાન દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેના પગલે પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનનાં કોન્સ્ટેબલ દેવજીભાઈ પુનાભાઈ, કોન્સટેબલ મહેન્દ્રભાઈ બાબુભાઈ, કોન્સટેબલ સુનિલભાઈ કેશવભાઈ, SRD





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

વિજયભાઈ નકાભાઈ જેડવા, SRD કમલેશભાઈ ભુપતભાઈ રાઠોડ, SRD યોગેશ ઉકાભાઈ સહિતનાં જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ અને નદીમાં તણાઈ રહેલી મહિલાને બચાવવા નદીમાં કૂદી પડયાં હતા. પ્રભાસ પાટણ પોલીસનાં જવાનો દ્વારા જીવના જોખમે નદીમાંથી ડૂબતી મહિલાનું દિલધડક ઓપરેશન કર્યું હતું અને મહિલાને હેમખેમ રીતે બચાવી લેવાઈ હતી. મહિલાનું નામ કેસરબેન ખીમજીભાઈ વણિક છે, જે ખારવાવાડ વેરાવળનાં રહેવાસી છે.

આ સમગ્ર ઘટનાનો વિડીયો પણ સામે આવ્યો હતો. જયાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલી મહિલાને પોલીસના જવાનો દ્વારા ઉગારી લેવામાં આવી હતી અને નદીમાંથી બહાર કાઢી સારવાર માટે નજીકની સરકારી હોસ્પિટલ મોકલી આપી હતી. પોલીસની આ સરાહનીય કામગીરી ખરા અર્થમાં પોલીસની પ્રજાના રક્ષક તરીકેની છાપ ઉભી કરી છે, બીજી તરફ પ્રભાસ પાટણ પોલીસનાં ઉચ્ચ અધિકારીઓથી માંડીને પ્રજા પણ પોલીસનાં જવાનોનાં વખાણ કરી રહ્યાં છે. એટલે સામાન્ય રીતે પોલીસનાં અમુક કર્મીઓને કારણે તમામ લોકોમાં પોલીસ પ્રત્યેની એક ખરાબ છાપ ઉભી થતી હોય છે. પરંતુ પોલીસ ગુનેગારોને પકડવાની સાથે આ પ્રકારે લોકોની સુરક્ષા માટે જીવના જોખમે ફરજ બજાવતી હોય છે.

### યુવા નેતાને વધુ એક જવાબદારી મળી

# જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના સંચાલક મંડળમાં બિનસરકારી સભ્ય તરીકે કૌશિક વેકરિયાની નિમણુંક

### આગામી ૩ વર્ષ માટે તેઓ ફરજ બજાવશે

અમરેલી, તા. ૧

અમરેલીનાં ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની તાજેતરમાં જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં સંચાલક મંડળમાં બિનસરકારી સભ્ય તરીકે નિમણુંક



કરવામાં આવી છે. ગુજરાત સરકારનાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની તા. ૧૮/૭/૨૦૨૩ની અધિસૂચનાથી બહાર પાડવામાં આવેલ આદેશ અન્વયે તેઓની નિમણુંક ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે.

# અમરેલી ખાતે ૫ ઓગષ્ટે મહિલા કર્મયોગી દિનની ઉજવણી

અમરેલી, તા. ૧

નારી વંદન ઉત્સવ–૨૦૨૩ ની ઉજવણી અંતર્ગત તા. ૫ ઓગસ્ટ, ૨૦૨૩ને શનિવારનાં રોજ મહિલા કર્મયોગી દિનની ઉજવણી કરવામાં આવશે. કામકાજનાં સ્થળે સ્ત્રીઓની જાતીય સતામણી થતી હોય તેવા સમયે તેમને કાયદાકીય સલાહ અને માર્ગદર્શન મળી રહે તેવી વિગતો અને માહિતીને આવરી લેવામાં આવશે. મહિલાઓની જાગૃત્તિ વધારવા અર્થે સેમિનારનું આયોજન અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા કરવામાં આવ્યું છે. અમરેલી સ્થિત જિલ્લા પંચાયતનાં હોલ ખાતે તા. ૫ ઓગસ્ટ, ૨૦૨૩ ને શનિવારનાં રોજ સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૧૨.૩૦ સુધી યોજાનાર આ સેમિનાર કામકાજના સ્થળે થતી સ્ત્રીઓની જાતીય સતામણી સામે સ્ત્રીઓની જાતીય સતામણી અધિનિયમ– ૨૦૧૩ અંતર્ગત તજજ્ઞો અને મહાનુભાવો દ્વારા માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે. તેમ મહિલા અને બાળ અધિકારી, અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલીનાં યુવાનેતા મનીષ સંઘાણીએ મલેસિયાનાં ઉપ પ્રધાનમંત્રીનું કર્યુ સન્માન




સબાહ, મલેશિયા ખાતે એશિયા પેસિફિક કો–ઓપરેટિવ યુથ સમીટની બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જે સમાપન સમારોહ પ્રસંગે મલેશિયાનાં ઉપપ્રધાનમંત્રી અહમદ જાહિદ હમીદજી ઉપસ્થિત રહ્યાં હતા. ત્યારે ભારત દેશ વતી ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાનાં ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ મનીષ સંઘાણી દ્વારા મોમેંટો થીમલેસ્યાનાં ઉપપ્રધાનમંત્રી અહમદ જાહિદ હમીદજીનું સ્વાગત સહ સન્માન કર્યું હતું.

## અમરાપરા ખાતે દરજી સમાજની વાડી ખાતે ચેરમેન મનોજ જોગીનાં અધ્યક્ષસ્થાને

# બાબરા નાગરિક બેન્કની સાધારણ સભા સંપન્ન

### બેન્ક મેનેજર પ્રફુલભાઈ જસાણીએ વાર્ષિક હિસાબો રજૂ કર્યા

### નાગરિક બેન્કનાં મેનેજમેન્ટ અને કર્મચારીઓની જહેમતથી રૂપિયા ૨૧ લાખનો નફો

### બેન્કનાં સભાસદ અને પૂર્વ નાયબ મામલતદાર પી.એલ. મારૂએ અનેક પ્રશ્નો ઉપસ્થિત કર્યા

### બેન્કનાં વિકાસ માટે તમામ સભાસદોનો અભિપ્રાય લેવામાં આવે તેવી રજૂઆત થઈ

બાબરા, તા. ૧

બાબરામાં નાગરિક બેન્કની વાર્ષિક સાધારણ સભા અમરાપરા ખાતે મકવાણા દરજી સમાજની વાડી ખાતે બેન્કના ચેરમેન મનોજભાઈ જોગીના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં બેન્કના મેનેજર પ્રફુલભાઈ જસાણીએ બેન્કના વાર્ષિક હિસાબો રજુ કરી બેન્કે ૨૧ લાખનો નફો કર્યાની વાત જણાવી હતી. બેન્કની વાર્ષિક સાધારણ સભામાં મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

નાગરિક બેન્કની વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત બેન્કના સભાસદ અને પૂર્વ નાયબ મામલતદાર પી.એલ. મારૂએ બેન્કની કાર્ય પદ્ધતિ સામે સવાલો કરી આક્રોશ વ્યકત કર્યો હતો.

તેઓએ જણાવ્યું હતું કે, શહેરના અન્ય ખાનગી બેન્ક ભાડાના મકાનમાં બેસે છે તેમ છતાં પ્રગતિ કરી રહી છે. જયારે નાગરિક બેન્ક દિન પ્રતિદિન પાછળ રહે છે તેના માટે જવાબદાર કોણ ? માત્ર અન્ય બેન્કના ફાયદાઓ માટે નાગરિક બેન્કને પાછળ રાખવાનું કામ બેન્કના પૂર્વ ચેરમેન અને ડિરેકટર દ્વારા કરવામાં આવી રહ્યું છે જેને હવે રોકવા પડશે નહિતર નાગરિક બેન્કનું ભવિષ્ય અધ્ધરતાલ થઈ જશે અને શહેરને મળતી એક સહકારી બેન્કની સુવિધાઓ છીનવાઈ જશે.

અમરેલી સહિત સૌરાષ્ટ્રની નાગરિક બેન્ક સારો એવો નફો કરે ત્યારે બાબરાની નાગરિક બેન્ક માત્ર ૧૪.૧૫ અને ૨૧ લાખના નફા સુધી કેમ અટકી જાય છે. સામન્ય મંડળી કરતા પણ ઓછો નફો કરી રહી છે. મહત્વની બેન્કે શું એના માટે કયારેક કોઈએ ચિંતા કરી છે ? બેન્ક પ્રગતિ નથી કરી રહી તેની પાછળના કારણો કોઈએ જાણવાનો પ્રયત્ન કર્યો ? પી.એલ. મારૂએ બેન્કના ઉપસ્થિત તમામ ડિરેકટર સામે આંગળી ચિંધી સીધો આક્ષેપ કર્યો હતો કે બેન્કના વિકાસ માટે કેમ તમે આગળ આવતા નથી શા માટે માત્ર એક વ્યકિતના ઈશારે બેન્કનો વહીવટ કરી રહ્યા છો ?

નાગરિક બેન્કમાં મહત્વના ઠરાવો પણ તેમણે પસાર કરાવ્યા હતા જેમાં ડિફોલ્ટરનો સમય ગાળો ત્રણ વરસનો રહે છે અને ચૂંટણીમાં સભાસદને ૧૧ મત ફરજીયાત નહિ પણ એક મત આપી શકાશે.

નાગરિક બેન્કની ચૂંટણીમાં ૧૧ મતની સામે અનેકવાર રજુઆત મળતી હતી જેમાં ભુપતભાઈ બસિયા, સંજય ચાવડા, મુસાભાઈ, મુકેશભાઈ રાઠોડ અને નરેશભાઈ મારૂ સહિતના સભાસદો દ્વારા સતત રજુઆતના અંતે બેન્ક દ્વારા સામન્ય ચૂંટણીમાં સભાસદ એક મત આપી શકશે તેવો ઠરાવ કરવામાં આવતા સ્થાનિક સભાસદોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી. પી.એલ. મારૂએ બેન્કના વહીવટી કાર્યકર્તાઓ સામે અનુસૂચિત જનજાતિ સાથે માનસિક અસ્પૃસ્યતા રાખતા હોવાનો આક્ષેપ કરી પેટા ચૂંટણીમાં પોતાનું ફોર્મ રદ થવાના કારણો જણાવ્યા હતા.

તેઓએ અંતમાં બેન્કના તમામ સભાસદોને જાહેર અનુરોધ કરી જાગૃત થવા અપીલ કરી હતી કે નાગરિક બેન્કનું ભવિષ્ય તમારા હાથમાં છે એટલે હવે જો નહિ જાગો તો તો બેન્ક અંધકારમાં ધકેલાય જશે જયાંથી કોઈ પાછું નહિ લાવી શકે. એક વિકાશીલ બેન્ક બનાવવી હશે તો આપણે સૌએ આગળ વધી નાગરિક બેન્કના સત્તાધીશોના કાન આમળવા જોઈશે.

## પોલીસ અધિક્ષક હિમકરસિંહનાં માર્ગદર્શન તળે

# અમરેલીનાં ગજેરા સંકુલ ખાતે સાયબર ક્રાઈમ જાગૃતિ અંગે સેમિનાર યોજાયો

### નાગરિકોને સુરક્ષિત રહેવા અનુરોધ થયો



અમરેલી, તા. ૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા અમરેલી જિલ્લામાં સાયબર ક્રાઈમ અંગે લોકોમાં જાગૃતિ અવેરનેસ જાળવવા તથા સાયબર ક્રાઈમ પ્રિવેન્શન અંગે જરૂરી સુચનાઓ આપેલ હોય જેથી પરીણામલક્ષી કામગીરી કરી લોકોને સાયબર ક્રાઈમનો ભોગ બનતા અટકાવવા અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકટર ડી.વી.પ્રસાદ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર જે.એમ. કડછા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર પી.બી. ચાવડાએ જરૂરી ટીમ બનાવી કામગીરી હાથ ધરી લોકોમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ ફેલાવવાની કામગીરી કરવામાં આવેલ છે.

ગત તા. ૩૧નાં રોજ અમરેલીનાં ગજેરા સંકુલ ખાતે લોકો સાથે વિવિધ રીતે થતા સાયબર ક્રાઈમ ફ્રોડ, જેવા કે સ્ક્રીન શેરિંગ એપ, ઓ.ટી.પી. ફ્રોડ, કસ્ટમર કેર નંબર ફ્રોડ, શિપિંગ શુલ્ક, ન્યુડ વીડિયો કોલ, આર્મીમેનનું નામ ધારણ કરવું જેવી વિવિધ તરકીબોથી લોકો ભોગ બનતાં હોય છે. જે અંગે વિદ્યાર્થીઓ સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે તથા સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ ફેલાય તેવા હેતુસર સાયબર ક્રાઈમ પ્રિવેન્શન તથા સાયબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ ઉપરાંત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમરેલી દ્વારા જીલ્લાનાં તમામ નાગરિકોને સાયબર ક્રાઈમથી સુરક્ષીત રહેવા માટે અપીલ કરવામાં આવેલ.

## રાજુલા નજીક આવેલ

# ચાંચ ગામે જુગાર રમતાં ૭ પત્તાપ્રેમીઓની અટકાયત



અમરેલી, તા. ૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે દારૂ તથા જુગારની પ્રવૃત્તી કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી સફળ રેઈડો કરવા સુચના આપેલ હોય તેમજ સાવરકુંડલા વિભાગ સાવરકુંડલા નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ આપેલ માર્ગદર્શન આધારે મરીન પીપાવાવ પો. સ્ટે.નાં પો.સબ. ઈન્સ. એ.આર. છોવાળા તથા મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનનાં પોલીસ સ્ટાફ દ્વારા ચોક્કસ બાતમી આધારે ચાંચ ગામે જાહેરમાં લાઈટનાં અજવાળે જુગાર રમતા રાજુભાઈ દેવાયતભાઈ ધુંધળવા રહે. ચાંચ (તા. રાજુલા) વાળા સહિત સાત ઈસમોને રોકડા રૂા. ૧૨૬૩૦ નાં મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# ગોપાલગ્રામ : ઓ.પી. ઝાટકીયા હાઈસ્કૂલનું ગૌરવ તુલસી ધાધલ

ધારી, તા. ૧

ધારી તાલુકા કક્ષા યુવક મહોત્સવ સ્પર્ધામાં વકતૃત્વ સ્પર્ધામાં ઓ.પી. ઝાટકીયા શાળામાં ધો.૧૦ ની વિદ્યાર્થિની ધાધલ તુલસી પ્રથમ નંબરે વિજેતા થયેલ છે. જે હવે જિલ્લા કક્ષાએ ભાગ લેવા જશે. આ તકે શાળાનાં ટ્રસ્ટીઓ, શિક્ષકો તેમજ આચાર્ય ભરતભાઈ મહેતાએ ખૂબ ખૂબ શભેચ્છાઓ પાઠવી છે.

## ''વસુધૈવ કુટુમ્બકમ'' નો વિચાર અંગદાન સંબંધિત કલંકને હટાવાશે : મુખ્યમંત્રી

# અમદાવાદ ખાતે ''અંગદાન મહોત્સવ'' યોજાયો

### ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં ૮૧૭ લોકોને અંગદાનની મદદથી નવજીવન મળ્યું છે



અમદાવાદ, તા. ૧

અંગદાન વિશે વધુ જરૂરિયાત પર ભાર મુકતાં ગુજરાતનાં માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ' વસુધૈવ કુટુંબકમ' એટલે કે આખું વિશ્વ એક પરિવાર છે ની ભારતીય ફિલસૂફી મૃતક અને બ્રેઈન ડેડ વ્યકિતનાં પરિવારને આવા સભ્યનાં અંગોનું દાન કરવા જેવા ઉમદા હેતુ માટે પ્રેરણા આપશે. તેમને યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થશે અને અંગદાન સંબંધિત કલંકને હટાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

જેમ આપણા માનનીય વડપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હંમેશા ' વસુધૈવ કુટુમ્બકમ' ના વિચાર પર ભાર મુકે છે. તેમજ આખા વિશ્વને એક કુટુંબ અને કુટુંબને આપણું પોતાનું માનવું યોગ્ય છે. પોતાની પ્રિય વ્યકિતને ગુમાવી દેવા જેવા કપરા સમયમાં આવા નિર્ણયો લેવા મુશ્કેલ છે, પણ આ જ સમજ અંગદાન જેવા મહત્વપૂર્ણ નિર્ણય લેવા સરળ બનાવે છે. અને એટલે જ એના માટે જાગૃતિ ફેલાવવી જરૂરી છે. વધુમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગયા વર્ષે ગુજરાતમાંથી ૬૭૦ જીવિત વ્યકિતઓ અને ૨૦૩ બ્રેઈન ડેડ વ્યકિતઓના પરિવારોએ અંગદાનનો નિર્ણય લીધો હતો. જેનાં કારણે રાજયમાં કુલ ૮૧૭ લોકોને નવજીવન મળ્યું છે. રવિવારે અમદાવાદનાં આશ્રમ રોડ સ્થિત હયાત રીજન્સી ખાતે આયોજિત અંગદાન મહોત્સવ કાર્યક્રમમાં તબીબી ક્ષેત્રનાં અગ્રણીઓ, ડોકટરો, વૈજ્ઞાનિકો, શિક્ષણવિદો, કોર્પોરેટ જગતનાં અગ્રણીઓ અને મીડિયા હાઉસના વરિષ્ઠ પત્રકારો હાજર રહ્યા હતા. SOTTOનાં એકેડેમિશિયન અને એડમિનિસ્ટ્રેટર, ડો. ધવલ નાઈકે જણાવ્યું હતું કે, 'જયારે અમે લગભગ ૬.૫ વર્ષ પહેલાં સફળતાપૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કર્યું હતું ત્યારે ગુજરાતએ એક ઈતિહાસ રચ્યો હતો. ગુજરાતની દૂરદર્શિ સેવા એવી એર એમ્બ્યુલન્સ દ્વારા ઝડપી અંગ/ડેડ બોડી પહોંચાડવા માટે સક્ષમ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરનારું દેશનું પ્રથમ રાજય બન્યું છે ગુજરાત. ગુજરાત દ્વારા લેવામાં આવેલા મહત્વપૂર્ણ પગલાઓમાંથી એક છે ગુજરાત સરકાર દ્વારા હૃદય અને ફેફસાનાં પ્રત્યારોપણનાં દર્દીઓ માટે રૂા. ૭.૫–૧૦ લાખ સુધીની સહાય આપવાનું આયોજન.'

મીડિયાનાં પરિપ્રેક્ષ્યમાં, ગુજરાત મીડિયા કલબનાં પ્રેસિડેન્ટ નિર્ણય કપૂરે જણાવ્યું હતું કે, 'મીડિયા અંગદાન ઝુંબેશમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે કારણ કે મીડિયા દ્વારા બતાવવામાં આવતી સાફલ્યગાથાઓ લોકોને આ માટે વધુ સંવેદનશીલ બનાવે છે અને તેના વિશેના તેમના અભિગમ બદલે છે. જી.એમ.સી.માં લગભગ બે વર્ષ પહેલાં અમે આ ચળવળમાં જોડાયા હતા અને અમને આનંદ છે કે આ ઝુંબેશ હવે આ સ્તર સુધી પહોંચી છે.'

ઈન્ડિયન મેડીકલ એસોસિએશનની ગુજરાત શાખાએ મુખ્યમંત્રીને ગુજરાતમાં અંગદાન અંગેનું વિઝન ડોકયુમેન્ટ ૨૦૨૩ સોંપ્યું હતું. વિઝન ડોક્યુમેન્ટમાં અંગદાન માટે લીડીંગ મોડેલ બનવાના ઉદ્દેશ્ય સાથે મજબૂત અંગદાન ઈકોસિસ્ટમ સ્થાપિત કરવા વિશે વિચારો રજૂ કરવામાં આવ્યાં હતાં.





ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર–ટ્યુબ, ઓઈલ–ગ્રીસ, વ્હીલ–પ્લેટ–ધરા, જેક–ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે
શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ।મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









### રાજકોટમાં એટીએસનું મોટું ઓપરેશન

# રાજકોટ સોની બજારમાંથી અલકાયદા સાથે સંકળાયેલા ૩ની ધરપકડ

## રાજકોટના સોની બજારમાં છેલ્લા છ મહિનાથી કારીગર બનીને રહેતાં ત્રણ શખ્સો આતંકી સંગઠન અલકાયદા સાથે સંકળાયેલા હોવાની એટીએસને બાતમી મળી હતી

રાજકોટ, તા.૧

તાજેતરમાં જ અમદાવાદમાંથી અલકાયદા સાથે સંકળાયેલા શખ્સોને એટીએસએ ઝડપી પાડ્યા હતાં. હવે રાજકોટમાં એટીએસએ મોટું ઓપરેશન પાર પાડ્યું છે. શહેરના સોની બજારમાં કારીગર તરીકે રહેતાં અને અલકાયદા સાથે સંકળાયેલા ત્રણ શખ્સોની એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટના સોની બજારમાં છેલ્લા છ મહિનાથી કારગીર બનીને રહેતાં ત્રણ શખ્સો આતંકી સંગઠન અલકાયદા સાથે સંકળાયેલા હોવાની એટીએસને બાતમી મળી હતી. જેના આધારે તપાસ કરતાં શહેરના સોની બજારમાંથી ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ શખ્સો મુસ્લિમ કારીગરોને ભારત વિરૂદ્ધ ભડકાવવાનું કામ કરતા હોવાની આશંકા સેવાઈ રહી છે. એટીએસના ગુપ્ત ઓપરેશનમાં એવું સામે આવ્યું છે કે, આ ત્રણેયને ગુજરાતમાં અલકાયદાનો પ્રચાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તેઓ છેલ્લા છ મહિનાથી રાજકોટના સોની બજારમાં કારીગર તરીકે કામ કરતાં હતાં. તેમની પાસેથી એટીએસને પિસ્તોલ અને ૧૦ કારતૂસ મળી આવ્યાં છે. આ શખ્સો પશ્ચિમ બંગાળથી રાજકોટ આવ્યાં હતાં. તે ઉપરાંત તેઓ બાંગ્લાદેશમાંથી ભારતમાં પ્રવેશ્યા હોવાની પણ આશંકાઓ સેવાઈ રહી છે.

ત્રણ શખ્સોને ઝડપ્યા પહેલા ગુજરાત એટીએસ ગુપ્ત રાહે તપાસ પણ કરી રહી હતી અને ચોક્કસ બાતમી મળતા ત્રણેયને પકડીને અમદાવાદ લાવવાની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે રાજકોટના સોની બજારમાં ત્રણ લોકો આતંકી મોડ્યુલ માટે મદદ કરતા હતા. આ શખસો પાસે ગુજરાતમાં કે અન્ય જગ્યાએ અલકાયદાના સ્લીપર સેલને મદદ કરવા માટે જવાબદારી સોંપવામાં આવી હતી. તેમણે હવાલાથી પણ કોઈ ટ્રાન્જેક્શન કર્યા હોવાની વિગત ગુજરાત એટીએસને મળી છે. તેઓ કઈ જગ્યાએ આતંકી પ્રવૃત્તિ કરવાના હતા અથવા કોઈને મદદ કરી રહ્યા હતા તેની સઘન પૂછપરછ ચાલી રહી છે અને આરોપીઓને અન્ય કઈ જગ્યાએથી મદદ મળી હતી તે અંગે પણ માહિતી એકત્ર કરાઈ રહી છે. આતંકીઓ મુસ્લિમ કારીગરોને ભારત વિરૂદ્ધ ભડકાવવાનું કામ કરતા હતા.

છેલ્લા છ મહિનાથી રાજકોટમાં કારીગર બનીને રહેતા હતા. જોકે ગુજરાત એટીએસની સતર્કતાથી આતંકીઓનો પર્દાફાશ થયો હતો. બાંગ્લાદેશી આતંકીઓ પ.બંગાળથી રાજકોટ પહોંચ્યા હતા અને દેશમાં આતંકવાદના મૂળીયા નાંખવા માંગતા હતા. પકડાયેલા આતંકીઓ અમન, તેનો સાળો અબ્દુલ સુકુર અને સૈફ નવાઝ તદ્દન કટ્ટરપંથી છે. તેમની પાસેથી એક હથિયાર પણ મળી આવ્યું હતું. રાત્રે ૧૧.૪૫ કલાકે એટીએસે ત્રણેયને ઉપાડ્યા હતા. એટીએસની કામગીરીથી સ્થાનિકો પણ અજાણ હતા. પકડાયેલા ત્રણેય આંતકીને અલકાયદાના પ્રસારનું કામ સોંપવામાં આવ્યું હતું. સ્થાનિકોના કહેવા મુજબ સોની બજારમાં હજારોની સંખ્યામાં બંગાળી કારીગરો કામ કરે છે.

થોડા દિવસ પહેલા ગુજરાત એટીએસ દ્વારા પોરબંદરમાં સૌથી મોટું ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. ગુજરાતમાંથી આઈએસઆઈએસના મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો હતું. પોરબંદરમાંથી ગુજરાત એટીએસ દ્વારા મહિલા સહિત ચાર લોકોને દબોચી લીધા હતા. આ ચારેય આતંકીઓ આઈએસઆઈએસના સક્રિય ગૃપના સભ્યો હતા. આ લોકો છેલ્લા એક વર્ષથી એકબીજાના સંપર્કમાં હતા. ગુપ્ત બાતમીના આધારે પોરબંદર પહોંચીને ગુજરાત એટીએસએ આ કાવતરાનો પર્દાફાશ કર્યો હતો.

પોરબંદરમાં એટીએસની ટીમ આવતા ભારે ચર્ચાનો વિષય બન્યો હતો. ત્યારે ગુજરાત એન્ટિ ટેરેરીસ્ટ સ્કવોડ દ્વારા આ આઈએસઆઈએસના ચાર આતંકીઓને ઝડપી પાડ્યા હતા. આ ઝડપાયેલા આતંકીઓમાં એક મહિલાનો પણ સમાવેશ થતો હતો. સુમેરા નામની સુરતની એક મહિલાની પણ આ સંદર્ભે ધરપકડ કરવામાં આવી હતી. ચારેય આતંકીઓ આઈએશઆઈએસના સક્રિય ગૃપના સભ્યો હતા. એટીએસના દરોડામાં ઘણી પ્રતિબંધિત વસ્તુઓ પણ મળી આવી હતા. ચારેય આઈએસઆઈએસમાં જોડાવવા ભાગવાની ફિરાકમાં હતા અને ચારેય આતંકીઓ ૧ વર્ષથી એકબીજાના સંપર્કમાં હતા. સીમા પાર બેઠેલા આકાઓ સાથે પણ તેઓનો સંપર્ક હતો. તેઓ આતંકી આકાઓના ઈશારે કટ્ટરપંથી બન્યા હતો

### મણિપુર મુદ્દે સરકારને ઘેરવા વિપક્ષો આક્રમક મૂડમાં

# સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવ પર ૮થી ૧૦ ઓગસ્ટે ચર્ચા થશે

## વડાપ્રધાન મોદી ૧૦ ઓગસ્ટે અવિશ્વાસ પ્રસ્તાવનો જવાબ આપશે

નવી દિલ્હી, તા.૧

સંસદના ચોમાસા સત્રમાં મણીપુર મુદે સરકારને ઘેરવા વિપક્ષ પૂરેપૂરું જોર લગાડી રહી છે. વિપક્ષ દ્વારા સરકાર સામે લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવ પર ૮ ઓગસ્ટથી ૧૦ ઓગસ્ટ સુધી ચર્ચા કરવામાં આવશે. વડાપ્રધાન મોદી ૧૦ ઓગસ્ટે અવિશ્વાસ પ્રસ્તાવનો જવાબ આપશે. વિપક્ષ સંસદમાં મણિપુર મુદ્દા પર ચર્ચા અને વડાપ્રધાનના નિવેદનની માંગ કરી રહ્યો છે. આ માટે વિપક્ષે અવિશ્વાસની દરખાસ્ત લાવવાનો નિર્ણય કર્યો હતો જેથી સરકારના પ્રમુખ તરીકે વડાપ્રધાન અવિશ્વાસ પ્રસ્તાવ પર સંસદમાં જવાબ આપે. સરકાર પાસે બહુમતી છે તેથી અવિશ્વાસ પ્રસ્તાવથી સરકારને કોઈ મુશ્કેલી નહીં પડે.

૨૬ જુલાઈએ જ કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ તરફથી લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ માટે નોટિસ દાખલ કરવામાં આવી હતી. તે દરમિયાન તેલંગાણામાં સત્તારૂઢ ભારત રાષ્ટ્ર સમિતિ દ્વારા કેન્દ્ર સરકાર વિરુદ્ધ અલગથી અવિશ્વાસ પ્રસ્તાવ માટે નોટિસ પણ આપવામાં આવી હતી.

જો કે સંસદમાં વડાપ્રધાન મોદીની આગેવાની હેઠળની સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવી અશક્ય છે. કારણ કે ભારતીય જનતા પાર્ટી નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ સાથે પૂર્ણ બહુમતીમાં છે. અહીં વિપક્ષનું કહેવું છે કે આના માધ્યમથી પીએમ મોદીને મણિપુર હિંસા મુદ્દે બોલવા માટે મજબૂર થવું પડ્યું છે.

### મણિપુરની હંસા પર સુપ્રીમ કોર્ટમાં ફરી સુનાવણી

# મણિપુરમાં સ્થિતિ રાજ્ય પોલીસના નિયંત્રણ બહાર છે : ડીવાય ચંદ્રચૂડ

## મણિપુરમાં હિંસા સંદર્ભે ૨૫૦ની ધરપકડ કરવામાં આવી છે, લગભગ ૧૨૦૦ની અટકાયત કરવામાં આવી હોવાની કોર્ટમાં કેન્દ્રની સ્પષ્ટતા

નવી દિલ્હી, તા.૧

મણિપુરમાં છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલી હિંસક ઘટનાઓ અંગે સુપ્રીમ કોર્ટે આજે ફરી સુનાવણી કરી હતી. અત્યાર સુધીની સુનાવણીમાં કોર્ટે સરકારને કરવામાં આવેલ કાર્યવાહી અંગે સવાલ પૂછ્યા હતા. ત્યારબાદ આજે કરવામાં આવેલ સુનાવણીમાં સીજેઆઈ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે, તે સ્પષ્ટ છે કે સ્થિતિ રાજ્ય પોલીસના નિયંત્રણની બહાર છે. પોલીસ પરિસ્થિતિ પર કાબૂ મેળવી શકી નથી. મેથી જુલાઈ સુધી કાયદો અને વ્યવસ્થા સ્થગિત થયેલી છે.

ગઈકાલે કરવામાં આવેલ સુનવણીમાં કોર્ટે સરકારને પૂછ્યું કે, ૪ મેના રોજ બે મહિલાઓની નગ્ન પરેડ કરવામાં આવી તેના પર ૧૪ દિવસ પછી ૧૮ મેના રોજ એફઆઈઆર કેમ નોંધવામાં આવી ત્યાં સુધી કોઈ કાર્યવાહી પોલીસે કેમ ન કરી? કોર્ટે એવો પણ સવાલ કર્યો હતો કે, અત્યાર સુધી નોંધાયેલા ૬૦૦૦ કેસમાંથી કેટલા કેસ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ સાથે જોડાયેલા છે.તુષાર મહેતાએ કહ્યું કે, આ મામલે અમને વધુ તપાસ માટે શુક્રવાર સુધીનો સમય આપવામાં આવે.

અમને રાજ્યના અધિકારીઓ સાથે ચર્ચા કરવાનો પણ સમય મળ્યો નથી. આ દરમિયાન એટર્ની જનરલ વેંકટરામણીએ કહ્યું કે, આ સમયે પણ રાજ્યમાં સ્થિતિ ગંભીર છે. કોર્ટમાં સામા પક્ષે કહેલી વાતોની ત્યાં પણ અસર થશે. મહેતાએ કહ્યું કે, મહિલાઓ વિરુદ્ધના ગુનાના ૧૧ કેસ સીબીઆઈને સોંપવામાં આવે. અમે બાકીનું વર્ગીકરણ કોર્ટને ઉપલબ્ધ કરાવીશું. તેના આધારે નિર્ણય લેવો જોઈએ.

સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, અમે સ્ટેટસ રિપોર્ટ તૈયાર કર્યો છે. તે હકીકતો પર આધારિત છે, ભાવનાત્મક દલીલો પર નહીં. તમામ પોલીસ સ્ટેશનોને મહિલાઓ વિરૂદ્ધ ગુનાના કેસમાં તાત્કાલિક એફઆઈઆર નોંધવા અને ઝડપી પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે, ૨૫૦ની ધરપકડ કરવામાં આવી છે, લગભગ ૧૨૦૦ની અટકાયત કરવામાં આવી છે. રાજ્ય પોલીસે મહિલાઓની જાતીય સતામણી સાથે સંબંધિત એક વીડિયોના સંબંધમાં એક સગીર સહિત સાત લોકોની ધરપકડ કરી છે.

આ ઉપરાંત, અદાલતે તપાસની દેખરેખ માટે નિવૃત્ત ન્યાયાધીશો અથવા વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ની એક સમિતિની રચના કરવાનું સૂચન કર્યું હતું. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી છે. ખંડપીઠે કહ્યું કે, કોર્ટ રાજ્ય પોલીસ આ મામલાની તપાસ કરવા માંગતી નથી કારણ કે તેણે મહિલાઓને તોફાની ટોળાને સોંપી દીધી હતી.

### લુણાવાડામાં અઢી ઈંચ વરસાદ પડ્યો

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૮ તાલુકામાં વરસાદ

## હાલ ગુજરાત રાજ્યમાં કોઈ સિસ્ટમ એક્ટિવ નથી, ગુજરાતમાં ભારે વરસાદની કોઈ સંભાવના નથી

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં વરસાદે ચાર રાઉન્ડમાં જળબંબાકારની સ્થિતિ કરી નાંખી છે. નદી નાળામાં નવા નીરની આવક થવા પામી છે અને જળાશયો પણ છલકાઈ ગયાં છે. રાજ્યમાં છેલ્લા ૨૪ તાલુકામાં ૧૨૮ તાલુકામાં વરસાદ પડ્યો છે. સૌથી વધુ મહિસાગરના લુણાવાડામાં અઢી ઈંચ વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગનાં ડાયરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે હાલ ગુજરાત રાજ્યમાં કોઈ સિસ્ટમ એક્ટિવ નથી. ગુજરાતમાં ભારે વરસાદની કોઈ સંભાવના નથી. હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ગુજરાતમાં સીઝનનો ૭૮ ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે, પરંતુ ૫ દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગે અમદાવાદમાં વરસાદના કેટલાક રાઉન્ડ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. જોકે ભારે વરસાદની શક્યતાઓ ઓછી છે. આગામી પાંચ દિવસ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર તેમજ કચ્છના કેટલાક વિસ્તારોમાં છૂટછવાયો અથવા હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. આગામી પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં વરસાદના ચાર રાઉન્ડ બાદ ૨૦૭ જળાશયોમાં માત્ર ૭૦ ટકા જ પાણીનો જથ્થો છે. જેમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૬૯.૬૫, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૪૫.૬૪, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૧.૦૯, કચ્છના ૨૦ જળાશયોમાં ૬૬.૭૮ અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૮૨.૧૦ ટકા પાણીનો જથ્થો છે. સરદાર સરોવરની વાત કરીએ તો નર્મદા ડેમમાં હાલ ૭૩.૧૫ ટકા પાણી છે. એટલે કે રાજ્યના ૨૦૭ જળાશયોમાં હાલની સ્થિતિએ ૭૦.૪૭ ટકા પાણીનો જથ્થો છે. રાજ્યમાં વરસાદના ચાર રાઉન્ડ બાદ પણ માત્ર ૭૦ ટકા પાણીનો જથ્થો આગામી સમય માટે ચિંતાજનક સ્થિતિ તરફ આંગણી ચિંધે છે. રાજ્યમાં ૯૦ ટકાથી વધુ ભરાયેલા ૮૮ ડેમને હાઈ એલર્ટ પર મુકવામાં આવ્યાં છે. જ્યારે ૨૦ ડેમ એવા છે જેમાં ૮૦ ટકા જેટલું પાણી છે. આ ડેમને એલર્ટ પર રાખવામાં આવ્યાં છે. તે ઉપરાંત ૧૭ ડેમમાં ૭૦ ટકાથી વધુ પાણી હોવાથી તેને વોર્નિંગ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૮૧ ડેમમાં ૭૦ ટકાથી ઓછું પાણી હોવાથી તેમને કોઈ વોર્નિંગ આપવામાં આવી નથી. વરસાદના ચાર રાઉન્ડ બાદ રાજ્યના ૨૦૭ જળાશયોમાંથી માત્ર ૮૮ જળાશયો જ સંપૂર્ણ ભરાયેલા છે.

### સરકારે લોકસભામાં લેખિત માહિતી આપી

# છેલ્લા પાંચ વર્ષમાં અર્ધ લશ્કરી દળોમાંથી ૫૦ હજારથી વધુ જવાનોએ નોકરી છોડી

## છેલ્લા પાંચ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૬૫૮ જવાનોએ આત્મહત્યા કરી, અર્ધલશ્કરી દળોના કાર્યકારી વાતાવરણ અને કલ્યાણને સુધારવા માટે સરકાર દ્વારા સતત પગલાં લેવામાં આવી રહ્યા હોવાનો દાવો

નવી દિલ્હી, તા.૧

સરકારે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં આ લેખિત માહિતી આપતા જણાવ્યું હતું કે, છેલ્લાં પાંચ વર્ષમાં કેન્દ્રીય પોલીસ સુરક્ષા દળો અને આસામ રાઈફલ્સમાં પચાસ હજારથી વધુ જવાનોએ નોકરી છોડી દીધી છે કે નિવૃત્ત થયા છે.

કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જવાબમાં કહ્યું કે, છેલ્લા પાંચ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૫૩,૩૩૬ જવાનોએ નોકરી છોડી દીધી છે.કોંગ્રેસના નેતા મનિકમ ટાગોરે અર્ધલશ્કરી દળોની કામકાજની સ્થિતિ અંગે સવાલ પૂછ્યો હતો કે, શું એ વાત સાચી છે કે છેલ્લા પાંચ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૫૦ હજારથી વધુ જવાનોએ નોકરી છોડી દીધી છે? આ સાથે અર્ધલશ્કરી દળો દ્વારા આત્મહત્યાની ઘટનાઓ વિશે પણ માહિતી માંગવામાં આવી હતી.

તેના લેખિત જવાબમાં કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૫૩,૩૩૬ જવાનોએ નોકરી છોડી દીધી છે અથવા નિવૃત્તિ લીધી છે.

વર્ષ મુજબના આંકડા આપતા નિત્યાનંદ રાયે કહ્યું કે વર્ષ ૨૦૧૮માં અર્ધલશ્કરી દળોના ૯૨૨૮ જવાનોએ વીઆરએસ (સ્વૈચ્છિક નિવૃત્તિ) લીધી અને ૧૭૧૨ નિવૃત્ત થયા. ૨૦૧૯માં ૮૯૦૮ જવાનોએ વીઆરએસલીધું અને ૧૪૧૫ જવાનો નિવૃત્ત થયા. ૨૦૨૦ અને ૨૦૨૧માં અનુક્રમે ૬૮૯૧ અને ૧૦,૭૬૨ જવાનોએ વીઆરએસ લીધું.

વર્ષ ૨૦૨૨માં સૌથી વધુ સૈનિકોએ નોકરી છોડી દીધી. સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, ૨૦૨૨માં ૧૧,૨૧૧ જવાનોએ વીઆરએસલીધું અને ૧૧૬૯ જવાનોએ નિવૃત્તિ લીધી. આ રીતે, છેલ્લા પાંચ વર્ષમાં, અર્ધલશ્કરી દળના કુલ ૪૭૦૦૦ જવાનોએ વીઆરએસલીધું છે અને ૬૩૩૬ જવાનો નિવૃત્ત થયા છે.

સરકારે આપેલા જવાબ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં અર્ધલશ્કરી દળોના ૬૫૮ જવાનોએ આત્મહત્યા કરી છે. જેમાંથી ૨૦૧૮માં ૯૬ જવાનોએ આત્મહત્યા કરી હતી, જેમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના ૩૬ જવાન, ૩૨ બીએસએફ, ૫ આઈટીબીપી, ૯ એસએસબી, ૯ સીઆઈએસએફઅને ૫ આસામ રાઈફલ્સનો સમાવેશ થાય છે.

એ જ રીતે ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨માં આ આંકડો અનુક્રમે ૧૨૯, ૧૪૨, ૧૫૫, ૧૩૬ હતો.

સરકારે માહિતી આપી હતી કે અર્ધલશ્કરી દળોના કાર્યકારી વાતાવરણ અને કલ્યાણને સુધારવા માટે સરકાર દ્વારા સતત પગલાં લેવામાં આવી રહ્યા છે.

### ગુજરાત સરકારનો શિક્ષકોને ઝટકો

# ધો.૧ થી ૮માં ૪૧ હજાર શિક્ષકોનું મહેકમ ઘટ્યું : મનીષ દોશી

## ખાનગી શાળાઓને વેગ મળે એ માટે ગાંધીનગરથી સુનિયોજિત કાવતરું રચવામાં આવ્યું છે નવી શિક્ષણનીતિ મુજબ ૭૬ હજાર શિક્ષકોની ઘટ રાજ્યમાં છે

અમદાવાદ, તા.૧

ગુજરાતની શાળાઓમાં શિક્ષકોની ઘટ વચ્ચે બાળકોનું ભણતર જોખમમાં છે. કારણ કે આંકડો કહે છે કે, રાજ્યની ૧૬૫૭ સ્કૂલોમાં માત્ર એક જ શિક્ષક છે. આવામાં શિક્ષકો જ નથી તો બાળકોને અભ્યાસ કોણ કરાવશે તે સવાલ છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩ની સ્થિતિમાં ધોરણ ૧થી ૮માં ૧૯ હજાર ૯૬૩ શિક્ષકોની જગ્યા ખાલી છે. જેના કારણે સંખ્યાબંધ શાળાઓને તાળા લાગ્યા અથવા તો શાળાને મર્જ કરી દેવાની ફરજ પડી. આ બાબતના કારણે મોટી વાત તો એ છે કે, ગુજરાતમાં એક જ વર્ષમાં ૪૧ હજાર શિક્ષકોનું મહેકમ ઘટાડી દેવામાં આવ્યું.

૨૦૨૨-૨૩માં શિક્ષકોનું મહેતમ ઘટાડીને ૨.૦૩ લાખ થઈ ગયું છે. આ ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે ઘોર બેદરકારી ગણી શકાય સરકારી શાળાઓમાં શિક્ષકો નથી અને ખાનગી શાળાઓ મોંઘીદાટ ફી વસૂલી રહ્યા છે. આ સ્થિતિમાં વાલીઓ પોતાના બાળકોને ભણાવે ક્યાં તે સવાલ થઈ રહ્યો છે.

ગુજરાતમાં શિક્ષણના કથળેલા શિક્ષણ અંગે ગુજરાત કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું કે, ગુજરાતમાં ધોરણ ૧ થી ૮માં ૪૧ હજાર શિક્ષકોનું મહેકમ ઘટ્યું છે.

વર્ષ ૨૦૨૨ - ૨૩ ની સ્થિતિએ હવે રાજ્યમાં ૧૯,૯૬૩ શિક્ષકોની જગ્યા ખાલી છે. વર્ષ ૨૦૨૧ - ૨૨ માં ૨.૪૪ લાખ શિક્ષકોની મંજૂર જગ્યા હતી, જે ઘટીને વર્ષ ૨૦૨૨ - ૨૩માં ૨.૦૩ લાખ થઈ છે. સંખ્યાબંધ શાળાઓને તાળા વાગતા તેમજ અનેક શાળા મર્જ કરી દેવાતા ગંભીર સ્થિતિ ઉદભવી છે.

રાજ્યમાં ૧૬૫૭ શાળાઓ માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે, એવામાં મહેકમ ઘટાડાતા અનેક સવાલો ઉદ્દભવ્યા છે. તેમણે વધુ માહિતી આપતા કહ્યું કે, ૨૬,૫૯૧ શાળાઓ ગુજરાતમાં મર્જ કરી દેવાઈ છે. ગુજરાતમાં શિક્ષકોના ઘટતા મહેકમ સામે રાજસ્થાન, મધ્યપ્રદેશમાં શિક્ષકોનું મહેકમ વધુ, ગતવર્ષે મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં તો શિક્ષકોનું મહેકમ વધ્યું છે. ધોરણ ૧ થી ૮માં મધ્યપ્રદેશમાં ૩.૬૩ શિક્ષકો જ્યારે રાજસ્થાનમાં ૨.૯૯ અને મહારાષ્ટ્રમાં ૨.૯૫ લાખ શિક્ષકોનું મહેકમ છે. ગુજરાતમાં કથળતી સરકારી શિક્ષણની સ્થિતિ એ ખાનગી શાળાઓ માટે મોકળું મેદાન બન્યું છે.

કોંગ્રેસે જણાવ્યું કે, ગુજરાતમાં ફરજ બજાવતા શિક્ષકોની સંખ્યા વર્ષ ૨૦૨૨ - ૨૩ માં ૧.૮૩ લાખ થઈ છે. ગત વર્ષે રાજ્યમાં ૧૩ હજાર શિક્ષકોની જગ્યા ખાલી હતી, પરંતુ હવે શિક્ષકોની ખાલી જગ્યા વધીને ૧૯,૯૬૩ થઈ છે. કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ કહ્યું કે રાજ્યમાં ભાજપની સરકાર છે, છેલ્લા ૨૦ વર્ષમાં શિક્ષણની સ્થિતિ કથળી છે.

ગુજરાતની ૪ કરોડ વસ્તીમાં જેટલી શાળાઓ અને શિક્ષકોનું મહેકમ હતું તે સતત ઘટી રહ્યું છે. રાજ્યની વસ્તી ૬.૫૦ કરોડ થઈ છે ત્યારે શિક્ષકોની સંખ્યા અને શાળાઓ વધવાને બદલે ઘટી રહી છે. સરકારી શાળાઓ બંધ થાય, ખાનગી શાળાઓને વેગ મળે એ માટે ગાંધીનગરથી સુનિયોજિત કાવતરું રચવામાં આવ્યું છે. નવી શિક્ષણનીતિ મુજબ ૭૬ હજાર શિક્ષકોની ઘટ રાજ્યમાં છે

### હરિયાણાના નૂહમાં હિંસા બાદ ફરિદાબાદ-ગુરૂગ્રામમાં તંગદીલી

# રાજસ્થાનના ભરતપુરમાં પણ એલર્ટ, ચાર તાલુકામાં ઈન્ટરનેટ બંધ

ભરતપુર, તા.૧

હરિયાણાના નૂહ જિલ્લામાં હિંસા બાદ ફરીદાબાદ અને ગુરુગ્રામમાં તણાવની સ્થિતિ સર્જાઈ હતી. જ્યાર બાદ હવે રાજસ્થાનના ભરતપુર જિલ્લામાં પણ દેખરેખ વધારી દેવામાં આવી છે.

રાજસ્થાન સરકાર દ્વારા સાવચેતીના પગલા તરીકે ભરતપુર જિલ્લાના ૪ તાલુકાઓમાં પણ ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. ભરતપુરમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હરિયાણા-ભરતપુર બોર્ડર પર કડક નાકાબંધી કરવામાં આવી છે અને દરેક ખૂણા પર પોલીસ તૈનાત છે.

ભરતપુરના પોલીસ અધિક્ષક મૃદુલ કાચવાએ કહ્યું કે, જિલ્લામાં સુરક્ષાને ધ્યાને રાખીને દેખરેખ વધારી દેવામાં આવી છે અને સોશિયલ મીડિયા પર નજર રાખવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, હરિયાણાની સરહદે આવેલા વિસ્તારોમાં તકેદારી રાખવામાં આવી રહી છે.

ગઈકાલે હરિયાણાના નુહ જિલ્લામાં વિશ્વ હિન્દુ પરિષદ, માતૃશક્તિ દુર્ગા વાહિની અને બજરંગ દળની બ્રજમંડલ ૮૪ કોસ શોભા યાત્રાને રોકવા માટે એક સમુદાયના લોકોએ પથ્થરમારો કર્યો હતો. ત્યારબાદ થયેલી હિંસા અને આગચંપીની ઘટનાઓમાં બે હોમગાર્ડ સહિત કુલ ૪ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૧૨થી પણ વધુ પોલીસકર્મી ઘાયલ થયા હતા. અન્ય એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે હોમગાર્ડ જવાન નીરજનું ગોળી વાગવાથી મોત થયું હતું. હિંસામાં માર્યા ગયેલા બીજા હોમગાર્ડ જવાનની ઓળખ ગુરસેવક તરીકે થઈ હતી. આ પરિસ્થતિના આધારે ત્યાં ઈન્ટરનેટ સેવા પણ બંધ છે અને કલમ ૧૪૪ લાગવામાં આવી દીધી છે.

### વિપક્ષી દળોનું પ્રતિનિધિમંડળ મણિપુરની મુલાકાત લઈ પાછું ફર્યું

# મણિપુરમાં ૧૦ હજાર માસુમ સહિત ૫૦ હજારથી વધુ લોકો રાહત શિબિરમાં : ખડગે

## મહિલાઓ માટે સુવિધાઓનો અભાવ છે, સાથે જ લોકોને દવાઓ અને ખોરાકની અછતનો સામનો કરવો પડી રહ્યો છે

નવી દિલ્હી, તા.૧

મણીપુર હિંસા અંગે વિપક્ષ મોદી સરકારને સતત ઘેરી રહ્યો છે. હવે વિપક્ષી દળોનું પ્રતિનિધિમંડળ મણિપુર પ્રવાસથી પરત ફર્યું છે, ત્યારબાદ તમામ નેતાઓ પોતાના અનુભવો જણાવી રહ્યા છે.

આ સાથે રાજ્યમાં સ્થિતિ કેટલી બગડી રહી છે તેનો ચિતાર આપવામાં આવી રહ્યો છે. આ દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ટ્વિટર પર ઘણા મહત્વના મુદ્દા મુક્યા છે.

તેમણે જણાવ્યું કે કેવી રીતે અમારા ગઠબંધન ઈન્ડિયા સાંસદોએ મણિપુરના લોકો સાથે વાત કરી અને હૃદય હચમચાવી નાખનાર વાતો સાંભળી.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ટ્વિટર પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં મણિપુરની મુલાકાતે ગયેલા તમામ વિપક્ષી સાંસદો બેઠેલા જોવા મળે છે.

આ બેઠકમાં ખડગેએ પણ ભાગ લીધો હતો. બેઠકમાં સાંસદોએ વીડિયો અને તસવીરો દ્વારા જણાવ્યું કે હાલમાં મણિપુરમાં કેવી સ્થિતિ છે. ખડગેએ પોતાના ટ્વીટમાં આ વાતચીતનો ઉલ્લેખ કર્યો છે.

૧૦ હજાર માસૂમ બાળકો સહિત ૫૦ હજારથી વધુ લોકો અપૂરતી સુવિધા સાથે રાહત શિબિરોમાં છે. ખાસ કરીને મહિલાઓ માટે સુવિધાઓનો અભાવ છે, સાથે જ લોકોને દવાઓ અને ખોરાકની અછતનો સામનો કરવો પડી રહ્યો છે. મણિપુરમાં આર્થિક પ્રવૃત્તિ ઠપ્પ થઈ ગઈ છે, બાળકો શાળાએ જઈ શકતા નથી, ખેડૂતોએ ખેતી કરવાનું બંધ કરી દીધું છે અને લોકો આર્થિક નુકસાન અને માનસિક તકલીફ બંનેનો સામનો કરી રહ્યા છે.

બે સમુદાયો વચ્ચેનું વિભાજન વધુ ચિંતાજનક છે.મલ્લિકાર્જુન ખડગેએ પોતાના ટ્વીટમાં પીએમ મોદી પર નિશાન સાધ્યું છે. તેમણે લખ્યું, "ચૂંટણી રેલીઓ, સેલ્ફ-પીઆર, ટ્રેન ઉદ્ઘાટન અને ભાજપની સભાઓમાં હાજરી આપવાનો સમય હોવા છતાં, પીએમ મોદી પાસે મણિપુરના લોકોની વેદના અને પીડાને સંબોધવા અથવા સમુદાયના પ્રશ્નોના નિરાકરણ માટે ઓછો સમય છે.

"મણિપુરની પરિસ્થિતિને સંભાળવામાં મોદી સરકાર દિશાહીન લાગે છે, જે સંસદમાં વ્યાપક નિવેદન ન આપવાથી સ્પષ્ટ થાય છે."

### આગળનો સ્ટોપ હશે ચાંદ, ૫ ઓગસ્ટ મહત્વનો દિવસ

# ચંદ્રયાન-૩ પૃથ્વીની કક્ષા છોડીને ચંદ્ર તરફ આગળ વધ્યું

## ઈસરોએ જણાવ્યું કે મંગળવારે ચંદ્રયાન-૩ને ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂકવામાં આવ્યું હતું, ચંદ્રયાનનું આગામી સ્ટોપ ચંદ્ર છે

નવી દિલ્હી, તા.૧

ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી ગયું છે અને હવે ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે.

ઈસરોએ જણાવ્યું કે મંગળવારે ચંદ્રયાન-૩ને ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂકવામાં આવ્યું હતું. ચંદ્રયાનનું આગામી સ્ટોપ હવે ચંદ્ર છે. ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી ગયું છે અને હવે તેનું આગલું સ્ટોપ ચંદ્ર છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનએ જણાવ્યું કે ચંદ્રયાન-૩ને મંગળવારે ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂકવામાં આવ્યું હતું. નેશનલ સ્પેસ એજન્સીએ કહ્યું કે 'ચંદ્રયાન-૩એ પૃથ્વીની આસપાસ તેની ભ્રમણકક્ષા પૂર્ણ કરી લીધી છે અને તે ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે.' ઈસરોએ જણાવ્યું કે 'ISRO ટેલિમેટ્રી, ટ્રેકિંગ અને કમાન્ડ નેટવર્ક-ISTRAC સફળ પેરીજી-ફાયરિંગ કરવામાં આવ્યું છે.

ઈસરોએ ચંદ્રયાન-૩ને ટ્રાન્સલ્યુનર ઓર્બિટમાં મૂક્યું છે. ચંદ્રયાનનું આગામી સ્ટોપ હવે ચંદ્ર છે. ઈસરોએ કહ્યું કે ચંદ્રયાન-૩ ચંદ્ર પર પહોંચતાની સાથે જ તેને ૫ ઓગસ્ટે ચંદ્રની ભ્રમણકક્ષામાં મૂકવાની યોજના છે. મંગળવારના ટ્રાન્સ-લુનર ઈન્જેક્શન પછી, ચંદ્રયાન-૩ પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી ગયું છે અને હવે એવા માર્ગ પર આગળ વધી રહ્યું છે જે તેને ચંદ્રની નજીક લઈ જશે.

ISRO ૨૩ ઓગસ્ટે ચંદ્રની સપાટી પર લેન્ડરને સોફ્ટ લેન્ડ કરવાનો પ્રયાસ કરશે. અગાઉ, ૧૪ જુલાઈએ ચંદ્રયાન-૩ મિશનના પ્રક્ષેપણ પછી, તેની ભ્રમણકક્ષા સતત પાંચ ગણી વધારવામાં આવી હતી. LVM-M4 રોકેટ દ્વારા ચંદ્ર પરના ભારતના ત્રીજા મિશન ચંદ્રયાન-૩ના સફળ પ્રક્ષેપણે માનવોને અવકાશમાં લઈ જવાના દેશના પ્રથમ કાર્યક્રમને મોટો વેગ આપ્યો છે. આ રોકેટનો ઉપયોગ મહત્વકાંક્ષી ગગનયાન મિશન માટે કરવામાં આવશે. ISRO તેના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગગનયાનના સફળ પ્રક્ષેપણ માટે જોરશોરથી કામ કરી રહ્યું છે.

આ અભિયાન હેઠળ ૩ લોકોને ૩ દિવસ સુધી પૃથ્વીની ૪૦૦ કિલોમીટરની ભ્રમણકક્ષામાં લઈ જવામાં આવશે અને ત્યારબાદ તેમને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા લાવવામાં આવશે. સતીશ ધવન સ્પેસ સેન્ટરના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, ૧૪ જુલાઈએ ચંદ્રયાન-૩ને લઈ જનાર ૪૪.૩ મીટર લાંબુ LVM-3 રોકેટ 'માનવીઓને સુરક્ષિત રીતે અંતરિક્ષમાં લઈ જવામાં' સક્ષમ રોકેટ હશે.

### ડો.કાનાબારનાં ધર્મપત્નિની તંદુરસ્તી માટે

# અમરેલીનાં વેપારીઓ ભુરખિયા મંદિરનાં દર્શનાર્થે

## હનુમાનદાદાને પ્રાર્થના કરવામાં આવી



અમરેલી, તા.૧

અમરેલીનાં અગ્રણી ડો.કાનાબારનાં ધર્મપત્નીની તબિયત લથડતા તેઓની સારવાર હાલ અમદાવાદ ખાતે શરૂ છે. દરમિયાનમાં અમરેલીનાં વેપારી અગ્રણીઓએ ભુરખિયા હનુમાર મંદિરે હનુમાનજી મહારાજ સમક્ષ ડો.કાનાબારના ધર્મપત્નિ પુન : સ્વસ્થ બને તે માટે પ્રાર્થના કરી હતા.

### દેશભરમાં શાકભાજીના ભાવ આસમાને

# રાહુલ ગાંધીએ આઝાદપુર મંડીની મુલાકાત લીધી, લોકો સાથે વાત કરી

## આઝાદપુર મંડીથી શાકભાજી વેચનારનો વીડિયો વાયરલ થયો



નવી દિલ્હી, તા.૧

તાજેરતના દિવસોમાં શાકભાજીના ભાવ આસમાને જોવા મળી રહ્યા છે. આ વધતા જતા ભાવની વચ્ચે આજે સવારે ૪ વાગ્યે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આઝાદપુર મંડીની મુલાકાત લીધી હતી. ફક્ત એટલું જ નહીં તેમણે શાકભાજીના ભાવ અંગે લોકો સાથે વાતચીત પણ કરી હતી.

થોડા સમય પહેલા આઝાદપુર મંડીથી શાકભાજી વેચનારનો વીડિયો વાયરલ થયો હતો. આઠ મિનિટના આ વીડિયોમાં એક વ્યક્તિ ખાલી ગાડી લઈને ઊભો હતો.

જયારે તેમને પૂછવામાં આવ્યું કે શું તમે ટામેટાં લેવા માટે વહેલી સવારના અહીં આવ્યા છો. ત્યારે તે વ્યક્તિએ જવાબ દેતા કહ્યું હતું કે હા હું ટામેટાં ખરીદવા આવ્યો હતો, પરંતુ ભાવ જોઈને હિંમત નથી થઈ રહી. ટામેટા ખૂબ મોંઘા થઈ રહ્યા છે. ટામેટા ૧૨૦-૧૪૦ રૂપિયામાં વેચાઈ રહ્યા છે આના કારણે અમને નુકસાન થશે. આ વેન્ડરનો વિડીયો રાહુલ ગાંધીએ ૨૮ જુલાઈએ તેના ટ્વિટર પણ શેર કર્યો હતો. સાથે તેણે લખ્યું કે, દેશને બે વર્ગમાં વહેંચવામાં આવી રહ્યો છે! એક તરફ સત્તાથી સુરક્ષિત શક્તિશાળી લોકો છે, જેમના નિર્દેશો પર દેશની નીતિઓ બની રહી છે અને બીજી તરફ એક સામાન્ય ભારતીય છે, જેની પહોંચમાંથી શાકભાજી જેવી પ્રાથમિક વસ્તુઓ પણ દૂર થઈ રહી છે.

આપણે અમીર અને ગરીબ વચ્ચેની આ વિસ્તરતી ખાઈને ભરવાની છે અને આંસુ લૂછવાનાં છે.ગયા મહિને તેમણે હરિયાણાના સોનેપતમાં ખેતરોની મુલાકાત લીધી હતી અને મહિલા ખેડૂતોને તેમના ઘરે જમવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. આ સિવાય તેણે ટ્રક ડ્રાઈવરોને પડતી સમસ્યાઓને સમજવા માટે મે મહિનામાં હરિયાણાના મુરથલથી અંબાલા સુધી ટ્રકની સવારી કરી હતી.

ઉપરાંત રાહુલ કર્ણાટકના બેંગલુરુમાં ગીગ વર્કસને પણ મળ્યા અને ડિલિવરી પાર્ટનર સાથે સ્કૂટી પણ ચલાવ્યો હતું.

તેમણે વિદ્યાર્થીઓ સાથે લંચ માટે દિલ્હી યુનિવર્સિટીની પીજી મેન્સ હોસ્ટેલની મુલાકાત લીધી હતી. બાદમાં યુપીએસસીઉમેદવારો સાથે વાર્તાલાપ કરવા માટે દિલ્હીના મુખર્જી નગર વિસ્તારની મુલાકાત લીધી અને આ વર્ષે એપ્રિલમાં જામા મસ્જિદ અને બંગાળી માર્કેટ વિસ્તારની પણ મુલાકાતે ગયા હતા.

### ઉત્તર ગુજરાતમાં ધોધમાર વરસાદની આગાહી

# ઉત્તર ગુજરાત પર એક સાયક્લોનિક સર્ક્યુલેશન બનશે

## હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, ઉત્તર ગુજરાતમાં મૂશળધાર વરસાદ વરસશે

ગાંધીનગર, તા.૧

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર ગુજરાત પર એક સાયક્લોનિક સર્ક્યુલેશન બનશે.જેને લઈ ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ વરસશે.

રાજ્યના અન્ય વિસ્તારમાં પણ મેઘવર્ષા થશે. આજે અરવલ્લી, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ભારે વરસાદ વરસશે. ૪ ઓગસ્ટના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, દાહોદ, અને મહીસાગરમાં મૂશળધાર વરસાદ વરસશે.

૫ ઓગસ્ટના અરવલ્લી, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ધોધમાર વરસાદ વરસશે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, ગુજરાતમાં ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં વરસાદી માહોલ રહેશે. આગાહીકાર અંબાલાલ પટેલનું કહેવું છે કે, ઓગસ્ટ મહિનામાં ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ વરસશે.

૯ ઓગસ્ટ સુધી ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસશે. બુધવારે રાજ્યમાં તાપી, ડાંગ, વલસાડ, સુરત, નવસારી, નર્મદા, ભરૂચ, છોટાઉદેપુર, વડોદરા, દાહોદ, મહીસાગરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં પણ સામાન્યથી લઈ ભારે વરસાદ વરસી શકે છે.

ગુરુવારે રાજ્યમાં તાપી, ડાંગ, વલસાડ, સુરત, નવસારી, નર્મદા, ભરૂચ, છોટાઉદેપુર, વડોદરા, અરવલ્લી, સાબરકાંઠા, મહીસાગર, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો ૮૫ ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે. અમદાવાદમાં અત્યાર સુધી સિઝનનો ૭૫ ટકા વરસાદ વરસ્યો છે.

જેમાં સૌથી વધુ ધંધૂકામાં ૧૧૦ ટકા અને સૌથી ઓછો બાવળામાં ૩૦ ટકા વરસાદ થયો છે. અમદાવાદ શહેરમાં આગામી પાંચ દિવસ હળવાથી મધ્યમગુજરાતમાં આગામી ૩થી ૪ દિવસ બાદ વરસાદનું જોર ઘટશે.

આગામી ૫ દિવસ ગુજરાતમાં વરસાદ ઓછો રહેશે. હાલ વરસાદી સિસ્ટમ સક્રિય ન હોવાથી વરસાદનું જોર ઘટશે. એક આંકડા અનુસાર, ગુજરાતમાં અત્યાર સુધી ૮૫ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. જેમાં મોટાભાગના વિસ્તારોમાં સરેરાશ કરતાં વધુ વરસાદ પડ્યો. આગાહી વચ્ચે હાલ માછીમારોને દરિયો ન ખેડવા માટે ચેતવણી અપાઈ છે

### આજે અનુબંધમ પોર્ટલના માધ્યમથી મહિલાઓ માટે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી તા.૧

ગુજરાત સરકાર દ્વારા નારી વંદન ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરવામાં આવશે, જેના ભાગરૂપે જિલ્લા રોજગાર કચેરી અને જિલ્લા મહિલા બાળ કચેરી દ્વારા આગામી તા.૦૩ ઓગસ્ટ, ૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૧૦ કલાકે અમરેલી સ્થિત કોળી સમાજની વાડી, એરપોર્ટ સામે, ચિત્તલ રોડ ખાતે મહિલાઓ માટે અનુબંધમ પોર્ટના માધયમથી રોજગાર ભરતી મેળો યોજાશે.

ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમો ખાતે ખાલી જગ્યાઓને અનુરૂપ ધો.૧૦ થી સ્નાતક સુધીના અભ્યાસની લાયકાત,૧૭ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવનાર રોજગાર ઈચ્છુકો ભાગ લઈ શકે છે. રોજગાર ઈચ્છુકો અનુબંધમ પોર્ટલ http://anubandhan.gov.in/account/signup પર આધાર કાર્ડ, શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે.નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબ ફેરના મેનુમાં કિલક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબ ફેરમાં ભાગ લઈ શકશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના કોલ સેન્ટર નંબર ૬૩૫૭૩ ૯૦૩૯૦ પર સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### ઓઈલ કંપનીઓ દ્વારા રાહતના સમાચાર

# એલપીજીના કોમર્શિયલ સિલેન્ડરના ભાવમાં ૯૯.૭૫ રૂપિયાનો ઘટાડો

## જુલાઈમાં ઓઈલ કંપનીઓ દ્વારા ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો

નવી દિલ્હી, તા.૧

ઓઈલ કંપનીઓએ આજથી એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં ઘટાડો કર્યો છે.

૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં હવે ૯૯.૭૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ સાથે દિલ્હીમાં એલપીજી સિલિન્ડરની કિંમત ૧૬૮૦ રૂપિયા પહોંચી ગઈ છે.

ઓઈલ કંપનીઓ દર મહિનાની ૧ અને ૧૬ તારીખે એલપીજીના ભાવમાં ફેરફાર કરે છે. જુલાઈમાં ઓઈલ કંપનીઓ દ્વારા ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

આ વધારા બાદ દિલ્હીમાં ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરની કિંમત પ્રતિ સિલિન્ડર ૧,૭૮૦ રૂપિયા થઈ ગઈ હતી. જો કે ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

છેલ્લા કેટલાક મહિનામાં ગેસ સિલિન્ડરની કિંમતોમાં ઘણો ફેરફાર જોવા મળ્યો હતો. જેમાં સૌથી વધુ અસર કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં જોવા મળી હતી.

આ વર્ષે માર્ચમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૩૫૦.૫૦ રૂપિયા પ્રતિ યુનિટનો વધારો કરવામાં આવ્યો હતો. જો કે મે મહિનામાં તેમની કિંમતોમાં ૧૭૧.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો.

### આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવાનું રહી ગયું હોય તો પણ તક મળે

# લેટ ફી સાથે રિટર્ન ફાઈલ કરતા સમયે નવી-જૂની સિસ્ટમનું ધ્યાન જરૂરી

## નાણાકીય વર્ષ૨૦૨૨-૨૩ માટે તેમની કમાણી જાહેર કરી નથી, તો લોકો હવે લેટ ફી ભરીને આવકવેરા રિટર્ન ફાઇલ કરી શકે છે

નવી દિલ્હી, તા.૧

ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાનું રહી ગયું છે, તો ફિકર નોટ...અહીં અમે તમારા માટે લઈને આવ્યાં છીએ ખાસ કામની વાત. કોઈ કામકાજમાં અટવાયેલાં હોવાને કારણે જો તમારે પણ આઈટીઆરફાઈલ કરવાનું રહી ગયું છે તો નિરાશ થવાની જરૂર નથી. હજુ પણ તમારી પાસે સમય છે. જાણો વિગતવાર. વ્યક્તિગત કરદાતાઓ માટે આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૩ હતી. અને હવે આ તારીખ ગઈ છે. જો કે લોકો હજુ પણ તેમના આવકવેરા રિટર્ન ફાઈલ કરી શકે છે. આ માટે લોકોએ એક પ્રક્રિયાને પણ અનુસરવી પડશે. ખરેખર, જો લોકોએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે તેમની કમાણી જાહેર કરી નથી, તો લોકો હવે લેટ ફી ભરીને આવકવેરા રિટર્ન ફાઈલ કરી શકે છે. જો કે, લોકો પાસે આ માટે એક નિશ્ચિત તારીખ પણ છે.

જે કરદાતાઓ ૩૧ જુલાઈ સુધીમાં આઈટીઆરફાઈલ કરવામાં નિષ્ફળ ગયા છે તેઓ પણ હવે ઈક્મ ટેક્સ રિટર્ન ફાઈલ કરી શકે છે. આ કરદાતાઓ ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં તેમના રિટર્ન સબમિટ કરી શકશે. જો કે, આવી ફાઈલિંગ પર, પગારદાર કર્મચારીઓ કે જેમની ચોખ્ખી કરપાત્ર આવક વાર્ષિક રૂ. ૫ લાખથી વધુ છે, તેમની પાસેથી રૂ. ૫૦૦૦ સુધીની લેટ ફી વસૂલવામાં આવશે. આ સિવાય ૫ લાખ રૂપિયાથી ઓછી ટેક્સેબલ આવક ધરાવતા લોકો ૧૦૦૦ રૂપિયાના દંડ સાથે આઈટીઆરફાઈલ કરી શકે છે

જો કરપાત્ર આવક વાર્ષિક ૫ લાખથી ઓછી હોય તો આવકવેરા કાયદામાં છૂટ મળે છે.

જો કે, કરદાતાઓએ સંબંધિત વિભાગો હેઠળ મુક્તિનો દાવો કરવા માટે તેમની આઈટીઆરફાઈલ કરવી પડશે. દંડ વિના આઈટીઆરફાઈલ કરવાની છેલ્લી તારીખ સોમવાર, ૩૧ જુલાઈ હતી. જો કે, જો ચોખ્ખી કરપાત્ર આવક ૫ લાખ રૂપિયાથી ઓછી હોય, તો વ્યક્તિ ૧૦૦૦ રૂપિયાની પેનલ્ટીની રકમ સાથે ડિસેમ્બર સુધી આઈટીઆરફાઈલ કરી શકે છે.

બીજી તરફ, જ્યારે પણ તમે વિલંબિત ફી સાથે આવકવેરા રિટર્ન ફાઈલ કરો છો, ત્યારે ધ્યાનમાં રાખો કે તમારે કઈ કર વ્યવસ્થા પસંદ કરવી પડશે. હાલમાં, નવી ટેક્સ સિસ્ટમ અને જૂની ટેક્સ સિસ્ટમ અનુસાર, આવકવેરા રિટર્ન અલગ-અલગ ટેક્સ સ્લેબ હેઠળ ફાઈલ કરવામાં આવી રહ્યા છે.

### હવામાન વિભાગનું કહેવું છે કે

# ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ચોમાસુ સામાન્ય રહેશે

## દક્ષિણ ભારત, નોર્થવેસ્ટના પશ્ચિમ વિસ્તારો અને મહારાષ્ટ્ર સહિત મધ્ય ભારતમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડી શકે છે

પૂણે, તા.૧

ચાલુ વર્ષે ચોમાસાની શરૂઆતથી જ દેશના વિવિધ રાજ્યોમાં એકંદરે સારો વરસાદ નોંધાયો છે. ઉત્તર ભારતમાં તો ભારે વરસાદના કારણે તારાજી પણ સર્જાઈ હતી. વળી, કેટલાક રાજ્યોમાં વરસાદ સામાન્ય રહ્યો હતો. હવે વરસાદની સીઝનના આગામી મહિનાઓ માટે હવામાન વિભાગે આગાહી કરી દીધી છે.

ભારતીય હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આ વર્ષે ચોમાસાના બીજા ભાગમાં એટલે કે ઓગસ્ટથી સપ્ટેમ્બર દરમિયાન વરસાદ સામાન્ય રહેશે. જોકે, ઓગસ્ટ મહિનામાં સામાન્ય કરતાં પણ ઓછો વરસાદ પડવાની વકી છે. સોમવારે ભારતીય હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મોહપાત્રાનું કહેવું છે કે, ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ચોમાસુ સામાન્ય રહેશે એટલે કે દીર્ઘકાલીન સરેરાશ (લોન્ગ એવરેજ પીરિયડ-એલપીએ) ૯૪થી ૧૦૬ ટકા રહેશે. ઓગસ્ટમાં આખા દેશમાં સામાન્ય કરતાં પણ ઓછો વરસાદ (૯૨ ટકા કરતાં પણ ઓછી દીર્ઘકાલીન સરેરાશ) રહેવાની સંભાવના છે. ૨૦૨૩ના દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના બીજા ભાગ દરમિયાન હિમાલયની નજીક આવેલા ઉપખંડોના મોટાભાગના વિસ્તારો, પૂર્વ મધ્ય ભારત અને પૂર્વ તેમજ ઉત્તર-પૂર્વ ભારતના કેટલાક ભાગમાં સામાન્યથી વધારે વરસાદ પડવાની સંભાવના છે. દક્ષિણ ભારત, નોર્થવેસ્ટના પશ્ચિમ વિસ્તારો અને મહારાષ્ટ્ર સહિત મધ્ય ભારતમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડી શકે છે. આગામી બે મહિનામાં દિલ્હી-એનસીઆરમાં સામાન્યથી માંડીને સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાની વકી છે. જુલાઈ દરમિયાન આખા દેશમાં સામાન્ય કરતાં ૧૩ ટકા વધુ વરસાદ પડ્યો છે. જ્યારે સીઝન દરમિયાન અત્યાર સુધીમાં દેશભરમાં સામાન્ય કરતાં ૫ ટકા વધુ વરસાદ થયો હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. "ઓગસ્ટ અને સપ્ટેમ્બર રમિયાન અલ નીનો નબળું પડશે.

વર્તમાનમાં હિંદ મહાસાગરમાં તટસ્થ આઈઓડી (ઈન્ડિયન ઓશન ડિપોલ)ની સ્થિતિ પ્રવર્તી રહી છે અને નવીનતમ જલવાયુ મોડલના પૂર્વાનુમાનથી સંકેત મળી રહ્યા છે કે, ચોમાસાના બાકીના ભાગમાં પોઝિટિવ આઈઓડીની સ્થિતિ વિકસિત થશે. પરંતુ ૫ ઓગસ્ટથી ઓછામાં ઓછા મહિનાના મધ્ય ભાગ સુધીમાં સર્ત્નની સ્થિતિ વિપરીત હશે જેના લીધે ઓગસ્ટના પહેલા ભાગમાં દેશના કેટલાય વિસ્તારોમાં ઓછો વરસાદ પડી શકે છે. મેડન-જુલિયન ઓસિલેશન વિષુવવૃત્તીય પ્રદેશમાં પૂર્વ તરફ આગળ વધતી વાવાઝોડાની સિસ્ટમ છે, જે ભારતીય, પેસિફિક અને એન્ટલાન્ટિક મહાસાગરો ઉપર ફરતી રહે છે. જેના કારણે તેના માર્ગમાં આવતા વિવિધ વિસ્તારોમાં હવામાનની પેટર્ન બદલાય છે. જ્યારે મેડન-જુલિયન ઓસિલેશન સક્રિય હોય ત્યારે તે જે વિસ્તારમાંથી પસાર થઈ રહી હોય તે પ્રદેશમાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડે છે. હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મોહપાત્રાએ કહ્યું કે, ૫ ઓગસ્ટથી ૧૭ ઓગસ્ટ દરમિયાન મધ્ય ભારત સહિતના કેટલાક વિસ્તારોમાં ખૂબ ઓછો વરસાદ પડી શકે છે. જોકે, આ સમયગાળા પછી દેશના વિવિધ વિસ્તારોમાં વરસાદ વધી શકે છે.

### ઝારખંડના પલામુ જિલ્લાની આઘાતજનક ઘટના

# તાજિયા જુલુસ દરમિયાન તિરંગા સાથે છેડછાડ બદલ ૧૮ની ધરપકડ

## ધ્વજમાં અશોક ચક્રના સ્થાને ઊર્દૂમાં કેટલાક શબ્દો લખવામાં આવ્યા હતા અને નીચે તલવારનું ચિન્હ હતું

મેદીનીનગર (ઝારખંડ), તા.૧

ઝારખંડના પલામુ જિલ્લામાં તાજીયાના સરઘસ દરમિયાન રાષ્ટ્ર્ધ્વજ સાથે છેડછાડ કરવાની હકીકત બહાર આવી છે. તે બાબતે ૧૮ લોકોની ધરપકડ કરાઈ છે. તેઓની વિરુદ્ધ એફ.આઈ.આર. પણ દાખલ થઈ છે.

આ માહિતી આપતાં એડીશનલ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ ઋષભ ગર્ગે પત્રકારોને જણાવ્યું હતું કે આ ઘટના શનિવારે સાંજે તે સમયે બની હતી કે જયારે મહોરમનો જુલુસ ચેનપુર થાણાના, શાહપુર, કલ્યાણપુર અને કંકારી જેવા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો.

તે દરમ્યાન સંગીત વગાડવામાં આવતું હતું અને ત્રિરંગો ધ્વજ ફરકતો હતો. પરંતુ તે અંગે વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે ધ્વજના ત્રણે રંગો કેસરી, સફેદ અને લીલા જ હતા. પરંતુ તેમાં અશોક ચક્ર ન હતું.

પોલીસ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, તેમાં અશોક ચક્રના સ્થાને ઊર્દૂમાં કેટલાક શબ્દો લખવામાં આવ્યા હતા અને નીચે તલવારનું ચિન્હ હતું. તેથી ૧૩ નામચીન તોફાનીઓ સહિત ૧૮ લોકો વિરુદ્ધ રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનીયમ નીચે તે અઢારે અઢારની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની વિરુદ્ધ એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી હતી.

### ઓઈલ કંપનીઓને કેન્દ્ર સરકારનો મોટો ઝટકો

# ક્રૂડ ઓઈલ પરના વિન્ડફોલ ટેક્સમાં પ્રતિ ટન ૧૬૦૦ રૂપિયાનો વધારો

નવી દિલ્હી, તા.૧

કેન્દ્ર સરકારે આજથી ઓઈલ કંપનીઓને મોટો ઝટકો આપ્યો છે. સરકારે ક્રૂડ ઓઈલ પરના વિન્ડફોલ ટેક્સમાં વધારો કર્યો છે. સરકારે ક્રૂડ ઓઈલ પર એસએઈડી (સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી) વિન્ડફોલ ટેક્સ ૧૬૦૦ રૂપિયા પ્રતિ ટનથી વધારીને ૪૨૫૦ રૂપિયા પ્રતિ ટન કર્યો છે.


સરકારે તેનો અમલ પણ આજથી એટલે કે ૧લી ઓગસ્ટથી કર્યો છે. અગાઉ ૧૫ જુલાઈએ સરકારે ફરીથી પેટ્રોલિયમ ક્રૂડ પર વિન્ડફોલ ટેક્સ લગાવ્યો હતો અને તેને વધારીને ૧૬૦૦ રૂપિયા પ્રતિ ટન કરી દીધો હતો. કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલય દ્વારા જારી કરાયેલા આદેશ હેઠળ ડીઝલ પર પણ વિન્ડફોલ ટેક્સ લાદવામાં આવ્યો છે. અગાઉ તે શૂન્ય પર હતો. નવા આદેશમાં સરકારે ડીઝલ પર પ્રતિ લીટર ૧ રૂપિયાનો વિન્ડફોલ ટેક્સ લાદ્યો છે. સરકારે પેટ્રોલ અને એટીએફપર કોઈ વિન્ડફોલ ટેક્સ લગાવ્યો નથી. દર ૧૫ દિવસે તેમની સમીક્ષા કરવામાં આવે છે. સરકારે ૧૫ જુલાઈના રોજ પેટ્રોલિયમ ક્રૂડના ઉત્પાદન પર વિન્ડફોલ ટેક્સ વધારીને ૧૬૦૦ રૂપિયા પ્રતિ ટન કર્યો હતો.

ભારતમાં તેલ વેચવાને બદલે ખાનગી ઓઈલ કંપનીઓને વિદેશી બજારોમાં જબરદસ્ત રિફાઈનિંગ માર્જિન મળી રહ્યું હતું. સરકારે ઓઈલ કંપનીઓના આ નફા પર ટેક્સ લાદ્યો જેથી કરીને તેઓ સ્થાનિક બજારમાં આ પેટ્રોલિયમ ઉત્પાદનો વેચવા માટે પ્રેરિત થઈ શકે.

# અમરેલી જિલ્લાનાં યુવક કોંગ્રેસનાં આગેવાનો કર્ણાટક ખાતે યુવક કોંગ્રેસનાં સંમેલનમાં જોડાયા





ઓલ ઈન્ડિયા યુવક કોંગ્રેસનાં અધ્યક્ષ શ્રી નિવાસ બી.વી.જી. અને ઓલ ઈન્ડિયા યુવક કોંગ્રેસનાં પ્રભારી ક્રિષ્ના અલાવરૂજી દ્વારા બેંગ્લોર, કર્ણાટક ખાતે ૩ દિવસીય આયોજિત ભારત દેશનું સૌથી વિશાળ રાષ્ટ્રીય યુવા સંમેલન 'બહેતર ભારત કી બુનિયાદ' કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસનાં પ્રભારી રાજેશકુમાર સિન્હા(સન્ની)જી તથા ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાજીનાં નેતૃત્વમાં ગુજરાત સહિત અમરેલી જિલ્લામાંથી અમરેલી, વડિયા, કુંકાવાવ વિધાનસભા યુવક કોંગ્રેસ પ્રમુખ મોનીલભાઈ ગોંડલીયા, પ્રદેશ પ્રવકતા તથા પ્રદેશ મીડિયા કોર્ડિનેટર નિર્મળ પટેલ તથા સમગ્ર ભારતમાંથી પ્રમુખ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા અને કોંગ્રેસ પક્ષનાં વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી, કર્ણાટક રાજયનાં મુખ્યમંત્રી સીધ્ધારમયા તથા નાયબ મુખ્યમંત્રી ડી.કે. શીવકુમાર, સચીન પાયલોટ, દિગ્વીજયસિંહ તથા વરિષ્ઠ સાથે વિવિધ વકતાઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

પાના ૮ ઉપરનું ચાલું
## ચલાલા પંથકનાં ખેડૂતો

આપવાનું હોય અને લાઈટ રાત્રીના આવતી હોય ત્યારે ખેડૂતોને રાત્રે ખેતર, વાડીએ જવા મજબુર બનવું પડે છે. ત્યારે દિવસે તો ઠીક પણ જયારે રાત્રી દરમિયાન વેરાન વગડામાં પોતાના કિંમતી પાકને રોજ, ભુંડ અને જંગલી પ્રાણીઓથી બચાવવા જવું પડે અને હવે ખેતરોમાં મોલાત પણ મોટી થઈ ગઈ હોય ત્યારે જગતનો તાત અતિ ભયાનક પરિસ્થિતિમાં રાની પશુઓ સિંહ, દિપડાના ભયના ઓથાર તળે ગામથી અને વસતિથી દુર ખેતર, વાડીએ મોતને મુટ્ઠીમાં બાંધી જતાં થર થર કામ દણપતો હોવાં છતાં પોતાની આજીવિકા સમાનનાં પાકનું રક્ષણ કરવા જવા મજબુર બને છે. તેટલું જ નહીં પણ હાલમાં ખેતીની સીઝનમાં હજારો ખેતમજૂરો પણ ખેતર, વાડીઓમાં વસવાટ કરે છે ત્યારે ખુલ્લા ખેતરમાં ગમે ત્યારે માનવભક્ષી રાની પશુઓ ખેડુતોને હાની પહોંચાડે તેવી ગંભીર પરિસ્થિતિ હોય. ત્યારે હાલ સરકાર સિંહોનાં રક્ષણ માટે અને અન્ય રાની પશુઓથી ખેડુતો, ખેતમજૂરો અને પશુપાલકોને રક્ષણ મળે તેવાં હેતુથી વન વિભાગ દ્વારા ગેલ્વેનાઈઝનાં મેડાઓ આપવા આવે છે. પરંતુ જયાં ખરેખર રાની પશુઓનો ત્રાસ છે અને જયાં છાશવારે રાની પશુઓ માનવીઓને શિકાર બનાવે છે તેવાં ચલાલા અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વન વિભાગ દ્વારા ખેડૂતોને તથા પશુપાલકોને મેડાઓ ફાળવવામાં આવે તો હજારો ખેડૂતો, ખેતમજુરો, પશુપાલકો નિર્ભય અને સલામત રીતે પોતાનો વ્યવસાય કરી શકે અને રાની પશુઓ દ્વારા થતી માનવીઓના શિકારની ઘટનાઓ ઓછી બને. તો સરકારી અધિકારીઓ તથા પદાધિકારીઓ ચલાલા તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના ખેડુતો અને પશુપાલકોની દૈનિકતા અને જાનના જોખમને લક્ષમાં રાખીને સરકારની તથા ચુંટણી સમયે મત મેળવવા નેતાઓ બે મોઢે કરેલ ખેડુતોનાં હીતલક્ષી વાતો અને ખેડૂતોનાં કોઈ પણ પ્રશ્ને અથવા તો ખેડુતોનું અહીત, અન્યાય કે કોઈ પણ પ્રકારે અન્યાય થશે તો તેમને ન્યાય અપાવવા કોઈ પણ ભોગે લડી લેશું તેવી વાત કરનાર, એ વાતને સાર્થક કરવા જવાબદાર રાજકીય પ્રતિનીધીઓ તાકિદે મેડા ફાળવવા યોગ્ય કાર્યવાહી કરે તેવી અખબારી યાદીમાં અશોકસિંહ તલાટીયા જણાવે છે.

### જિલ્લા–તાલુકાનાં અધિકારીઓની ઉપસ્થિતિમાં
# વડિયાના મામલતદાર વયમર્યાદાથી નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો
### નિવૃત્ત થતાં મામલતદારે સૌનો સહકાર બદલ આભાર માન્યો

વડિયા, તા. ૧

વડિયામાં મામલતદાર તરીકે ફરજ બજાવતા મહેતા સરકારના સેવા નિયમો મુજબ તા. ૩૧/૭/૨૩ ના રોજ સેવાનિવૃત થતાં વડિયા મામલતદાર સ્ટાફ દ્વારા નિવૃતિ વિદાય સન્માન સમારંભનું આયોજન વડિયાના સુરગપરા સ્થિત આવેલી પટેલ વાડીમાં કરવામાં આવ્યું હતું. વડિયામાં આવેલા વિવિધ ધાર્મિક મંદિરોના સંતોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સમારંભમાં ઉપસ્થિત તમામ સંતોનું મામલતદાર મહેતા દ્વારા સાલ ઓઢાડી સન્માન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યાર બાદ નિવૃત્ત થતા મામલતદારને વડિયા મામલતદાર ઓફીસ સ્ટાફ, બગસરા મામલતદાર ઓફીસ સ્ટાફ,બગસરા પ્રાંત ઓફીસ સ્ટાફ, ખાંભા મામલતદાર ઓફીસ સ્ટાફ અને ટીડીઓ ઓફીસ કુકાવાવના સ્ટાફ દ્વારા મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. આ તકે મામલતદાર મહેતા દ્વારા તમામ લોકોના સહકાર અને પ્રેમ





આપવા બદલ આભાર મનાયો હતો. અને સાંજના સમયે ગુજરાતી થાળીના ભોજન સાથે યોજાયેલા આ સમારંભમાં સંતો, મામલતદાર, ટીડીઓ, પ્રાંત, ઓફિસોના અધિકારીઓ, સ્ટાફ, પીએસઆઈ, પત્રકારો, સ્થાનિક અગ્રણીઓ, તાલુકાના સસ્તા અનાજના દુકાનદારો સહિતના લોકો એ હાજર રહી મામલતદાર મહેતાને વિદાય આપી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં બાબુભાઈ ધાનાણીએ

પરંતુ પીડિતોની યાદીમાં માત્ર લાભુબેનનું નામ હોય તેમનાં પતિનું નામ પીડિતની યાદીમાં ન હોય તેઓ આજે હોસ્પિટલમાં આવેલ ટીમ સમક્ષ રજૂઆત માટે જતાં તેઓને ઉડાઉ જવાબ આપ્યાનો તેઓએ આક્ષેપ કરીને તેમનાં પત્નીને પણ સરકારે જાહેર કરેલ આર્થિક સહાય પુરતી મળશે કે કેમ તે અંગે શંકા વ્યકત કરી હતી. સમગ્ર હકીકત જણાવવા અને ન્યાય અપાવવા તેઓ "અમરેલી એકસપ્રેસ" કાર્યાલયે પહોંચ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## વંડા પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં

–૩૬૬ વિગેરે મુજબ)નાં કામે આરોપી સદામભાઈ જુસબભાઈ અગવાન પોલીસ કસ્ટડી દરમિયાન તા. ૨૨/૦૬/૨૦૨૩ નાં રોજ વંડા પોલીસ સ્ટેશનનાં પુરૂષ લોકઅપમાં મૃત્યુ પામેલ. આ સંબંધે સક્ષમ ઓથોરિટીનાં આદેશથી તથા ક્રિમીનલ પ્રોસિઝર કોડ કલમ–૧૭૬(૧– એ) ની જોગવાઈ અન્વયે કસ્ટોડિયલ ડેથ સંબંધે પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ કોર્ટ, સાવરકુંડલા દ્વારા ઈંકવાયારી થઈ રહેલ છે. અધિકારી દ્વારા સૂચના કરવામાં આવે છે કે, આ બનાવ સંબંધે જો કોઈ વ્યકિત આધારભૂત માહિતી ધરાવતા હોય તો તેઓએ સદર કોર્ટનો સંપર્ક કરવો.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીની સબજેલના દરવાજા બહારથી

દુધરેજીયા તથા તેમના સાળા નિમેશભાઈ તથા અજાણ્યા પાંચ ઈસમોને સાથે રાખી એક સંપ કરી પૂર્વ આયોજીનત કાવતરૂ રચી આ કામના યુવકનું અમરેલી સબ જેલના ગેટ બહાર રોડ ઉપરથી અપહરણ કરી કળ મોદર (તા.મહુવા) ગામની સીમમાં એક વાડીના રૂમમા ગાંધી રાખી ફરીને વાંસાના ભાગે, છાતીના ભાગે,બેઠકના ભાગે,તથા બંને પગના ભાગે લાકડી વડે તેમજ એક બાવળના કાટાવાળા બડીયો (લાકડી) વડે તેમજ ઢીકા પાટુનો માર મારી શરીરે સોળો ઉપસાવી જેમ ફાવે તેમ બીભત્સ ગાળો આપી તેમજ મારી નાખવાની ધમકી આપી અને યુવકને નીર્વસ્ત્ર કરી તેનો વીડીયો ઉતારી તેમજ તેની પાસે બીભત્સ શબ્દો બોલાવડાવી વીડીયો ઉતારી આમ સાતેય ઈસમોએ ભેગા મળી તેનો સમાન ઈરાદો પાર પાડેલ હતો.

આ બનાવ અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ગુન્હો તા.૨૬/૦૭ ના રોજ ફરીયાદ થયેલ છે. સદરહુ બનાવનમા ફરીયાદી ડુંગર ગામના હોય જિલ્લા પોલીસ અધિક્ષક અને એચ.બી.વોરાના માર્ગદર્શન હેઠળ ડુંગર પોલીસ ટીમે આરોપીઓ ઉપર વોચ રાખી યોગ્ય બાતમી રાહે હકીકત મેળવી ગણતરીની કલાકોમાં આ ગંભીર ગુન્હાના સાત આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓને પકડી પાડી આગળની કાર્યવાહી કરવા આરોપીઓને અમરેલી સીટી પોલીસ સ્ટેશનને સોપી આપેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં વેપારીઓ

રાખવી, એકસપાયરીવાળો માલ લેવો – વેચવો નહી એ બધી બાબત વેપારીઓની જાણમાં હોય છે. હાલમાં બે એજન્સી અમરેલી જિલ્લામાં કામ કરી રહી છે અને ફી ઉઘરાવી પૈસા ભેગા કરી રહી હોય તેવું લાગે છે. તેમાં કોઈ સર્ટીફાઈડ એજન્સીવાળા હોય તેવું લાગતુ નથી. તાલીમ વખતે ફુડ ઓફીસમાંથી પણ કોઈ હાજર રહેતુ નથી. કલાક લેકચર આપી પછી સર્ટી આપવામાં આવે છે. આ કાયદો એજન્સીવાળાને કમાણી માટે હોય તેવુ લાગી રહયુ છે.વેટા આવ્યા પછી નાના મોટા વેપારીઓને એટલી બધી કામગીરી વધી ગઈ છે. સરકાર તરફથી નવા નવા કાયદા નાખીને વેપારીઓને હેરાન પરેશાન કરે છે. માટે આવા કાયદા સત્વરે દુર કરી યોગ્ય કાર્યવાહી કરવા અને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડનાં લાયસન્સ ફી માં પણ નાના એવા વેપારીઓની ઓછી ફી કરી આપવા યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૧૪ | ૧૬૬૬ |
| ૨ | શિંગ મોટી | ૧૧૮૦ | ૧૭૮૦ |
| ૩ | શિંગદાણા | ૧૬૦૦ | ૨૩૫૦ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૭૫૦ | ૧૮૬૫ |
| ૫ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૫૬૨ |
| ૬ | તલ કાળા | ૨૮૧૫ | ૩૩૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૨૦૦ | ૩૩૭૮ |
| ૮ | બાજરો | ૪૩૩ | ૪૩૬ |
| ૯ | જુવાર | ૫૩૦ | ૮૨૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૨૫ | ૫૯૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૧ | ૫૩૦ |
| ૧૨ | મગ | ૧૦૫૧ | ૧૩૯૦ |
| ૧૩ | ચણા | ૭૦૦ | ૧૦૩૦ |
| ૧૪ | ચણા દેશી | ૯૮૦ | ૯૮૦ |
| ૧૫ | તુવેર | ૮૦૦ | ૧૭૫૦ |
| ૧૬ | વાલ | ૧૬૦૦ | ૩૨૨૫ |
| ૧૭ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| ૧૮ | એરંડા | ૧૦૯૯ | ૧૨૨૦ |
| ૧૯ | ધાણા | ૯૯૯ | ૧૫૪૨ |
| ૨૦ | ધાણી | ૧૩૮૦ | ૧૬૨૫ |
| ૨૧ | મેથી | ૭૫૦ | ૧૨૬૬ |
| ૨૨ | સોયાબીન | ૮૭૫ | ૯૫૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૫૧૦ |
| ૨ | ઘઉં | ૪૧૯ | ૪૬૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૩૪૦૧ | ૩૫૪૦ |
| ૨ | તલ કાળા | – | ૨૦૦૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૪૩૧ |
| ૪ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૨૫ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૪૩૨ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ૮ | મકાઈ | ૪૭૬ | ૯૮૩ |
| ૯ | ચણા | ૯૦૦ | – |
| ૧૦ | એરંડી | ૧૧૯૩ | ૧૨૦૧ |
| ૧૧ | મેથી | ૧૦૦૮ | ૯૬૩ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૧ | ૧૩૩૦ |
| ૨ | મગફળી | ૧૨૫૫ | ૧૨૫૫ |
| ૩ | ચણા | ૮૧૬ | ૯૧૦ |
| ૪ | ધાણા | ૧૦૦૫ | ૧૩૫૫ |
| ૫ | તુવેર | ૧૩૫૦ | ૧૬૫૫ |
| ૬ | શીંગ દાણા | ૧૩૧૦ | ૨૩૫૫ |
| ૭ | મગ | ૯૦૦ | ૧૫૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૮૫૦ | ૯૫૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૬ | ૪૯૧ |
| ૩ | મેથી | ૯૭૦ | ૯૭૦ |
| ૪ | સોયા | ૯૨૬ | ૯૪૦ |
| ૫ | શીંગદાણા | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ૬ | ધાણા | ૯૪૦ | ૧૪૧૫ |
| ૭ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૪૪૫ |
| ૮ | તુવેર | ૧૬૫૫ | ૧૬૫૫ |
| ૯ | મગફળી | ૧૧૯૫ | ૧૬૨૦ |
| ૧૦ | લસણ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | મગ | ૧૧૫૫ | ૧૫૦૦ |


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૩૦ | ૧૪૫૫ |
| ૨ | તલ કાળા | ૩૨૦૩ | ૩૨૦૩ |
| ૩ | શીંગ દાણા | ૧૪૪૧ | ૧૪૪૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૪૭૧ | ૧૪૮૦ |
| ૨ | તલ સફેદ | ૩૪૦૦ | ૩૫૦૧ |
| ૩ | કપાસ | ૧૧૫૧ | ૧૪૫૧ |
| ૪ | બાજરો | ૪૩૫ | ૪૩૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૧૩ | ૫૦૮ |
| ૬ | જુવાર | ૯૦૦ | ૧૦૧૨ |
| ૭ | મકાઈ | ૪૩૫ | ૪૩૫ |
| ૮ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૯ | ચણા | ૮૬૦ | ૯૨૫ |
| ૧૦ | છોલે ચણા | ૧૩૦૨ | ૧૩૦૨ |
| ૧૧ | એરંડી | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૨ | સોયાબીન | ૯૦૦ | ૯૨૫ |

# દિલ્હી ખાતે શિપિંગ મંત્રાલયની બેઠકમાં ઉપસ્થિત રહેતા દીપક વઘાસિયા









દિલ્હી ખાતે વિજ્ઞાન ભવનમાં તારીખ:૨૯–૦૭–૨૦૨૩ નાં રોજ પોર્ટ શિપિંગ જળમાર્ગ અને આયુષ મંત્રાલયની હિન્દી સલાહકાર સમિતિની બેઠક આસામના પૂર્વ મુખ્યમંત્રી અને આ વિભાગના કેબિનેટ મંત્રી તથા સમિતિનાં ચેરમેન સર્બાનંદ સોનોવાલની અધ્યક્ષતામાં યોજાઈ ગઈ. આ બેઠકમાં રાજયમંત્રી શાંતનુ ઠાકોર તથા શ્રીપાદ નાયક તેમજ લોકસભાના ત્રણ સાંસદ અને રાજયસભાના પણ ત્રણ સાંસદ સભ્યો સહિત આ વિભાગનાં સચિવ ટી.કે રામચંદ્રન અગ્ર સચિવ અગ્રીમ કૌશલ સંયુકત સચિવ અજયપાલ શિરોહી, સહાયક નિર્દેશક સંગીતા તોપનો સહિત સમિતિના સદસ્યો અને મંત્રાલયનાં અધિકારીઓ ઉપસ્થિત રહીને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી અને સૂચનો કરેલ. દીપક વઘાસિયાએ કેબિનેટ મંત્રી શર્બાનંદ સોનોવાલ તથા અન્ય મહાનુભાવોને ગીરની શાન કેસરી 'સિંહ' ની ચિત્ર પ્રતિમા ભેટ આપી અને સ્વાગત અભિવાદન કરેલ. તેમના અસલ કાઠિયાવાડી સ્વાગત અંગે તમામે શુભેચ્છા વ્યકત કરી.

## પૂર્વ ધારાસભ્યો વિરજી ઠુંમર, પ્રતાપ દુધાત, પરેશ ધાનાણીને વિશેષ જવાબદારી

# અમરેલી જિલ્લાના કોંગી નેતાઓ એમ.પી., રાજસ્થાનમાં સભા ગજવશે

**ગુજરાતના બન્ને પડોશી રાજયો ઉપર વર્ષોથી ભાજપ અને કોંગ્રેસનો દબદબો યથાવત રહ્યો છે**

**ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટે કી ટક્કર થવાની હોય કોંગ્રેસ પક્ષ લડાયક નેતાઓ ચૂંટણીમાં ઉતારશે**

**સંભવિત આગામી નવેમ્બર કે ડીસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી યોજાઇ શકે તેમ છે**

**લોકસભાની ચૂંટણીના ટ્રેલર સમી ચૂંટણીને લઇને સમગ્ર દેશની નજર બન્ને રાજયો પર મંડાયેલ છે**

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લાના વિરજી ઠુંમર, પરેશ ધાનાણી, પ્રતાપ દુધાત સહિત પ્રદેશ કોંગી મહિલા જેનીબેન ઠુંમરને રાજસ્થાન અને મધ્યપ્રદેશની વિધાનસભાની ચૂંટણીના પ્રચારની જવાબદારી કોંગી હાઈ કમાન્ડ દ્વારા સોંપવામાં આવી છે.

ગુજરાતના પડોશી રાજય મધ્યપ્રદેશમાં વર્તમાનમાં ભાજપનું શાસન છે, તો રાજસ્થાનમાં કોંગ્રેસપક્ષનું શાસન છે. પાંચ વર્ષ પહેલા યોજાયેલ ચૂંટણીમાં બન્ને રાજયોમાં કોંગ્રેસની સરકાર બની હતી.

પરંતુ, બાદમાં કોંગી નેતા






સિંધિયાએ બળવો કરતા ત્યાં શાસન ઉપર ભાજપનો કબ્જો થયો હતો.

હવે, પુનઃ દેશના બન્ને મહત્વના રાજયોમાં ચૂંટણી આગામી નવે.–ડીસે.માં થવાની સંભાવનાને લઈને કોંગી હાઈ કમાન્ડે રાજસ્થાનમાં પુનરાવર્તન કરવા અને મધ્યપ્રદેશમાં પરિવર્તન કરવા કમર કસી છે.

લોકસભાની ચૂંટણી પહેલા યોજાનારી ચૂંટણીમાં સમગ્ર દેશની નજર રાજયના પડોશી રાજયોની ચૂંટણી પર મંડાયેલ છે. જો રાજસ્થાન અને મધ્યપ્રદેશની ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય થશે તો કોંગ્રેસ પક્ષનો લોકસભાની ચૂંટણીનો માર્ગ સરળ બનશે.

### વન્યપ્રાણી સહિતની કોઈ રજૂઆત સાંભળવા માટે

## અમરેલી જિલ્લાનાં શેત્રુંજી વન્યજીવ વિભાગ હેઠળનાં વિસ્તારોમાં પીઆરઓની નિમણુંક

**જનપ્રતિનિધિઓ અને નાગરિકો રજૂઆત કરી શકશે**

અમરેલી, તા. ૧

શેત્રુંજી વન્યજીવ વિભાગ, પાલીતાણા હેઠળનાં મહેસૂલી વિસ્તારોમાં વન્યપ્રાણી વ્યવસ્થાપન સહિતની કામગીરી કરવામાં આવે છે. આ મહેસૂલી વિસ્તારોમાં એશિયાટિક સિંહોનાં વિચરણવાળા વિસ્તારોનો સમાવેશ થાય છે.

આ વિસ્તારોમાં અમરેલી જિલ્લાનાં અમરેલી, લીલીયા, કુંકાવાવ–વડીયા, રાજુલા અને જાફરાબાદ તાલુકાઓનો તે ઉપરાંત ભાવનગર જિલ્લાના પાલીતાણા, તળાજા, મહુવા અને જેસર તાલુકાઓનો છે. આ સમગ્ર વિસ્તારમાં આવતા ગામોનાં રેવન્યુ, ખેતી, ખરાબા અને ગૌચર વિસ્તારનો સમાવેશ થાય છે. જેમાં અંદાજે ૧૩૦ થી ૧૪૦ જેટલા એશિયાટિક સિંહોનો વસવાટ છે.

આ તમામ વિસ્તારોમાં પ્રજાજનોનાં લોકસંપર્કની અસરકારક કામગીરી, સાંસદ, ધારાસભ્યો સહિતનાં લોકપ્રતિનિધીઓની રજૂઆતો બાબતે તાત્કાલિક કામગીરી થઈ શકે તે ઉપરાંત માલ ઢોરનાં મારણ કે વન્ય પ્રાણીઓની રંજાડ થતી હોય તેવા કિસ્સાઓમાં રેસ્કયુ સહિતની કામગીરી સુચા રીતે હાથ ધરવાની કાર્યવાહી થઈ શકે તે માટે પબ્લિક રિલેશન ઓફિસરશ્રી (PRO)ની નિમણુક કરવામાં આવી છે. આ માટે અમરેલી જિલ્લાનાં અમરેલી, લીલીયા, કુંકાવાવ–વડીયા, રાજુલા અને જાફરાબાદ તાલુકાઓની રજૂઆતો માટે મદદનીશ વન સંરક્ષક, વન્યજીવ અમરેલી, જી.એલ. વાઘેલા (ઈન્ચાર્જ)નાં મોબાઈલ નંબર ૯૭૨૬૨ ૩૬૩૦૫ પર સંપર્ક કરી શકાશે. ભાવનગર જિલ્લાના પાલીતાણા, તળાજા, મહુવા, જેસર તાલુકાનાં ગામડાઓ માટે મદદનીશ વનસંરક્ષક, વન્યજીવ પાલીતાણા આર.આઈ. જંજવાડીયા (ઈન્ચાર્જ)નો મોબાઈલ નંબર ૮૩૨૦૬ ૦૯૮૧૩ પર સંપર્ક કરી શકાશે. તેમના દ્વારા તેમના કાર્યક્ષેત્ર હેઠળનાં તાલુકાઓની જરૂરી માહિતીઓ પૂરી પાડવામાં આવશે. તેમ પાલીતાણા શેત્રુંજી વન્યજીવ વિભાગનાં નાયબ વન સંરક્ષકે એક યાદીમાં જણાવ્યું છે.




**મેના વ્રત**

શરણે ગયો પણ કોઈ દેવે તેને આશ્રય ન આપ્યો. આથી સર્વ જગ્યાએથી હડધૂત થયેલો નિરાશામાં ડૂબી ગયેલો મળમાસ છેલ્લા ઉપાય તરીકે જીવમાત્રને પોષતા, શેષનાગની શૈયા પર બિરાજતા લક્ષ્મીપતિ શ્રી વિષ્ણુ ભગવાનના શરણે ગયો.

અમૂલ્ય રત્નજડિત સિંહાસન પર બેઠેલા વિષ્ણુ ભગવાનના દર્શન કરી તે વેળા પૃથ્વી પર દંડવત્ પ્રણામ કરી તેણે રડવા માંડયું. ગળગળી વાણીથી તેણે લક્ષ્મીપતિને પોતાનુ દુઃખ કહયું.


'શ્રી બૃહન્નારદીપ પુરાણ'ના પુરૂષોત્તમ મહાત્મ્યનો 'મળમાસની કથાનો આરંભ' નામનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ. હવે પતિતપાવન પુરૂષોત્તમ માસની કથાનું રસપાન કરીએ.



એક વાર બ્રહ્મર્ષિ વશિષ્ટનાં પત્ની સતિ અરુંધતિ કૈલાસ શિખર પર આવ્યાં. પાર્વતીએ સતિને અતિ માનપાન દીધાં, જળપાન કરાવ્યાં, એ પછી અરુંધતિ પૂછવા લાગ્યા : **(ક્રમશઃ)**

**સંપાદક : મહેન્દ્ર જોષી**

મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)



### વયમર્યાદાથી નિવૃત થતા

## બગસરા એસ.ટી. ડેપો ડ્રાઇવરનું સન્માન કરતા વિભાગીય નિયામક

**મોટી સંખ્યામાં એસ.ટી. કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા**

બગસરા, તા. ૧

બગસરા એસટી ડેપોમાં છેલ્લા ઘણા સમયથી ફરજ બજાવતા ડ્રાઈવર રામકુભાઈ કહોર વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ બગસરા એસટી વર્કશોપમાં યોજવામાં આવ્યો હતો જેમાં એસ.ટી. વિભાગના વડા ધામાની હાજરીમાં વિદાય સમારંભ યોજાયો હતો જેમાં આપાગીગાની જગ્યાના મહંત કોઠારી હરિબાપુ ઉપસ્થિત રહી આશીવચન આપ્યા હતા તેમજ અમરેલી એસ.ટી.વિભાગના વડા તથા ડીએમી દવે બગસરા એસ.ટી.ડેપોના મેનેજર ગઢવી મેડમની હાજરીમાં નિવૃત્ત થતા રામકુભાઈ કહોરનો વિદાય સમારંભ યોજાયો હતો ઘણા વર્ષોથી બગસરા એસ.ટી. ડેપોમાં બગસરા સાવરકુંડલા સતાધાર બસ રૂટમાં ફરજ બજાવતા હતા આ તકે ડીસી દ્વારા રામકુ ભાઈ કહોરનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું તેને મોમેન્ટો તથા સાલ ઓઢ ડી શ્રીફળ પડો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે તમામ એસ.ટી. સ્ટાફના ડ્રાઈવર કંડકટર તથા વર્કશોપના કર્મચારીઓ તથા યુનિયનમાંથી પધારેલ લાલભાઈ વિછીયા પ્રમુખ મજૂર મહાજન અરવિંદભાઈ સરખેદી જીએસ નરેન્દ્રભાઈ કાબરીયા પ્રમુખ મંડળ રમેશભાઈ માલવીયા જી.એસ. અમરૂભાઈ કહોર પ્રમુખ બી.એમ.એસ વિક્રમસિંહ ગોહિલ જીએસ સહિતના મહાનુભાવો દ્વારા



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

રામકુભાઈ કહોરનું સાલ ઓઢાડી મોમેન્ટો તથા ગિફટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે ડીસી દ્વારા પોતાના પ્રસંગીત પ્રવચનમાં કહ્યું હતું કે રામકુભાઈ કહોર પોતાની હવે પછીની લાઈફ ધાર્મિક કાર્યમાં વધુ સમય પસાર કરે તેમ જણાવેલ હતું આ તકે બગસરા ડેપો મેનેજર ગઢવી મેડમ દ્વારા રામકુભાઈ કહોરનું ગિફટ આપી સન્માનિત કર્યા હતા આ તકે અમરૂભાઈ કહોર ભાણકુભાઈ ધાધલ રણજીતભાઈ બાબરીયા મેરામભાઈ વાળા બાબુભાઈ મકવાણા વિગેરે બહોળ ી સંખ્યામાં એસ.ટી. સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

આ કાર્યક્રમનું સંચાલન વિક્રમસિંહ ગોહિલ તથા રાજેન્દ્રભાઈ વાળ ાએ કરેલ તેમજ આભાર વિધિ રાજુભાઈ વાળાએ કરેલ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બગસરા ડેપોના કર્મચારીઓએ ભારે જાહેમત ઉઠાવી હતી.

### આગામી ૨૦ ઓગસ્ટનાં રોજ

## અમરેલી ખાતે તળપદા કોળી સમાજ દ્વારા વેવિશાળ પરિચય મેળો યોજાશે

**લગ્નોત્સુકોને ઉપસ્થિત રહેવા અનુરોધ થયો**

અમરેલી, તા. ૧

અમરેલી ખાતે મહિલા તળપદા કોળી સેવા સમાજ અમરેલી દ્વારા તળપદા કોળી સમાજનાં લગ્નોત્સુક યુવક–યુવતીઓનો વેવિશાળ પરીચય સમારંભ તા. ૨૦/૮/૨૦૨૩નાં રોજ આયોજન કરવામાં આવેલ છે.

ભાગ લેનાર યુવક ધો.૧૦ અથવા તો તેનાથી વધુ અભ્યાસ કરેલ હોવા જોઈએ. તેમજ વેપાર કરતા, પોતાનું મકાન ધરાવતા અને ઓછામાં ઓછી ૨૦,૦૦૦ આવક ધરાવતા યુવકો ફોર્મ ભરી શકશે. યુવતીઓ માટે અભ્યાસ કે આવકને ધ્યાનમાં લેવામાં આવશે નહી.

ફોમ અને માહિતી નીચેનાં સરનામે તા.૧૭/૮/૨૦૨૩ સુધી ફોર્મ મોકલી આપવા ઠે. શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર 'હરીરામ' હોલસેલ માર્કેટ, દુ.નં.બી/એફ–૧૩, પહેલા માળ, અમરેલી, પ્રમુખ આરતીબેન ગોહીલ મો.૯૪૦૯૩ ૧૩૬૪૪ પરશોતમભાઈ એન. મકવાણા મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭ રમેશભાઈ આર. ડાભી મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧ પહોંચાડવા જણાવેલ છે.

## બાબરા ખાતે શનિવારે જિલ્લા કક્ષાનો વન મહોત્સવ કાર્યક્રમ યોજાશે

અમરેલી તા. ૧,

રાજયમાં પ્રતિ વર્ષ ઉજવાતો વન મહોત્સવ જિલ્લા કક્ષાએ પણ ઉજવવામાં આવે છે.

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં આગામી તા. ૫ ઓગસ્ટ, ૨૦૨૩ને શનિવારનાં રોજ ' વન મહોત્સવ' ની ઉત્સાહભેર ઉજવણી થશે.

અમરેલી જિલ્લા સામાજિક વનીકરણ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી બાબરા સ્થિત કમળશી હાઈસ્કુલ, રાજકોટ રોડ ખાતે કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં પદાધિકારીઓ, અધિકારીઓ તથા મહાનુભાવો સહિતનાં સહભાગી થશે. તેમ અમરેલી સામાજિક વનીકરણ નાયબ વનસંરક્ષક એક યાદીમાં જણાવ્યું છે.

### સ્થાનિક રહેવાસીઓ ત્રાહીમામ પોકારી ગયા

## અમરેલીની રણુજાધામ સોસાયટીમાં ભુગર્ભ ગટરના પાણીનું તળાવ બની ગયું

અમરેલી, તા.૧, અમરેલી રણુજાધામ સોસાયટી દ્વારા અનેકવાર નગરપાલિકાને રજુઆત કરવા છતાં મદદ કરવા આવેલ નથી. સીમેન્ટનાં રસ્તામાં ભુગર્ભ ગટર લાઈનથી અડધો અડધો ફુટ ખાડાઓ પડી ગયેલ છે. અને ગેસ લાઈનનાં કામનાં કારણે રોડ સદંતર તુટી ગયો છે. સોસાયટીમાં નિચાણ વાળા વિસ્તારોથી વરસાદી પાણી ભરાયા છે. ભુગર્ભ ગટર અને વરસાદથી બે–બે ફુટ પાણી ભરાતા સોસાયટીમાં રહેતા લોકોની હાલત કફોડી બની છે. ભુગર્ભ ગટરનાં ઢાંકણામાંથી દુષિત પાણી રસ્તા પર રેલમછેલ થયેલ છે. ભુગર્ભ ગટરનાં ઢાંકણામાંથી ઉભરાતા ગંદાપાણીથી રહેવાસી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. હાલ ચાલુ વર્તમાનમાં ગંદાપાણીનું તળાવ બની ગયું છે. અને ગંદકી ફેલાય છે. અમરેલી નગરપાલિકા તંત્ર વહેલીતકે કામ કરવા રણુજાધામ સોસાયટીનાં પ્રમુખ મહેશભાઈ પંડયા ઉપપ્રમુખ રમેશભાઈ એસ.ગોહીલની યાદીમાં જણાવેલ છે.

# બાબરાનાં જુના તાપડીયા આશ્રમમાં આયોજીત શ્રી શિવમહાપુરાણનું ભાવપૂર્ણ ભાવમાં સમાપન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં જુના તાપડીયા આશ્રમમાં શ્રી તાપડેશ્વર મહાદેવનાં સાનિધ્યમાં અને પૂજય સંત શ્રી તાપડીયા બાપુ, પૂજય દયારામ બાપુ અને પૂજય ઘનશ્યામદાસ બાપુનાં આશીર્વાદથી તા. ૨૧ થી ૩૧ જુલાઈ સુધી વિદ્વાન અને યુવા શાસ્ત્રી જીતુદાદા જોષીનાં વ્યાસાસને શ્રી શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞ કથાનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૩૧ જુલાઈ અને સોમવારનાં રોજ કથાનાં અંતિમ દિવસે ભાવપૂર્ણ સમાપન કરવામાં આવ્યું હતું. તાપડીયા આશ્રમનાં મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુ ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યાં હતા તેમજ સ્થાનિક સેવક સમુદાય અને અન્ય ભાવિકો દ્વારા કથાનાં વકતા જીતુદાદા જોષીનું સન્માન કરવામાં આવ્યું હતું.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ગોળ દવાખાના કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.

અમરેલીની જનતાના હિતમાં નિર્ણય લઈ ગોળ હોસ્પિટલ દ્વારા "આયુષ્યમાન કાર્ડ" અંતર્ગત તદ્દન મફતમાં સર્જરી વિભાગ ચાલુ કરે છે



અમરેલીના પ્રખ્યાત સર્જન દ્વારા ઓપરેશન કરવામાં આવશે

ડૉ. પ્રદિપ ધડુક
M.S.જનરલ સર્જન



ડૉ. કાજલ બગડા
M.S.Ayu.(હરસ-મસા-ભગંદરનાં નિષ્ણાંત)

- હરસ-મસા-ભગંદર અને ફીસરનાં ઓપરેશન.
- મળમાર્ગને લગતા રોગોની સારવાર ઉપલબ્ધ.
- હર્નિયા (સારણગાંઠ), સુન્નતના ઓપરેશન.
- દુરબીન દ્વારા એપેન્ડિક્ષ તથા પિતાશયની કોથળીનું ઓપરેશન
- સ્તનની સાદી ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશન.
- હાઈડ્રોસીલ (વધરાવળ)નું ઓપરેશન.

: નોંધ : બાજુમાં દર્શાવેલ ઓપરેશન (સર્જરી) આયુષ્યમાન કાર્ડમાં તદ્દન ફ્રી માં કરી આપવામાં આવશે

### રેવન્યુ વિસ્તારમાં ખેતીકાર્ય પુરજોશમાં હોય તેવા સમયે

# ચલાલા પંથકનાં ખેડૂતો રાનીપશુઓનાં કારણે ભયભીત બન્યા

**એક તરફ સિંહ, દીપડા જેવા પ્રાણીઓ ગમે તે સમયે ત્રાટકતાં હોવાથી ખેતીકાર્ય કરવામાં મુશ્કેલી થઈ રહી છે**

**નીલગાય, જંગલી ભૂંડ જેવા પ્રાણીઓ પાકને વ્યાપક નુકસાન કરતાં હોવાથી પણ ચિંતા**

**દિવસે વીજળીનાં અભાવે રાત્રિનાં સમયે પાણી વાળવું પડતું હોય જીવનાં જોખમે ખેડૂતો ખેતરે જવા મજબૂર**

**વન્ય પ્રાણીઓથી સુરક્ષિત કરવા માટે ખેડૂતોને મેડા ફાળવો : તલાટીયા**

અમરેલી, તા. ૧

છેલ્લા ઘણાં સમયથી વન વિભાગ દ્વારા નેસડાઓનુ સ્થળાંતર કરતાં ગીરનાં જંગલોમાં કાયમી વસવાટ કરતાં હિંસક રાની પશુઓ ગીર અભયારણ્ય છોડી હવે રેવન્યુ વિસ્તારને પોતાનું કાયમી રહેઠાણ બનાવી ચુકયા છે. ત્યારે સમગ્ર અમરેલી જિલ્લા સહિત ચલાલા તેમજ આજુબાજુના અંદાજે ચાલીસથી પચાસ ગામનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન ઉપર સંપુર્ણ નિર્ભર હોય. ત્યારે મોટી સંખ્યામાં રાની પશુઓનાં કાયમી વસવાટનાં કારણે આ વિસ્તારમાં ખેડુતો, પશુપાલકો અને ખેતમજૂરોને અવાર નવાર શિકાર બનાવી ગંભીર ઈજાઓ પહોંચાડયાનાં અનેક કિસ્સાઓ છે. તો ઘણાં ખેડુતો, પશુપાલકો અને ખેતમજૂરોને મોતને ઘાટ ઉતાર્યાનાં પણ અનેક કિસ્સાઓ છે. ત્યારે હાલ ખેતીની સીઝન શરૂ થઈ ગઈ હોય ત્યારે ખેતરો ખેતર ભુંડ, નીલગાય, ચિંકારા, રેઢીયાળ પશુઓનો પણ અસહ્ય ત્રાસ હોવાથી ખેડૂતોનો મહામુલો અને રાત–દિવસ પેટે પાટા બાંધીને ઉછેરેલા દીકરાનાં પાડના મોલને ખાઈ જાય, અસહ્ય નુકસાન પહોંચાડી ખેતરો ખેદાન મેદાન કરી ખેડૂતોને ભારે નુકસાની કરતા હોય ત્યારે તથા પોતાના પાક ને પીયત

અનુસંધાન પાના ૬ ઉપર

### બગસરા નજીક આવેલ

# હડાળા જવાના માર્ગ ઉપર ફોરવ્હીલ ચાલકે બાઈકને હડફેટે લેતા બાઈક સવારનું મોત

**અકસ્માતમાં માથામાં ઈજાઓ થવા પામી હતી**

અમરેલી, તા. ૧

અમરેલી તાલુકાના દહિંડા ગામે રહેતા બાબુભાઈ હીરાભાઈ પરમાર નામના યુવકનાં મોટાભાઈ કનુભાઈ પોતાનાં હવાલાવાળાં બાઈક નં. જી.જે. ૧૪ એસ ૫૪૮૭ લઈ અને બગસરા નજીક હડાળા જવાનાં માર્ગ ઉપરથી પસાર થતાં હતા ત્યારે ફોર વ્હીલ નં. જી.જે. ૧૨ ડી.એમ. ૨૫૪૧નાં ચાલકે બાઈકને હડફેટે લેતાં કનુભાઈનું ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયું હતું.

### કસ્ટડીમાં રહેલ આરોપી સદામભાઈ અગવાનનું મોત થયેલ

# વંડા પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં મૃત્યુની ઘટનાની ચીફ જયુડિશ્યલ કોર્ટ દ્વારા તપાસ શરૂ

**જો કોઈ વ્યકિત માહિતી આપવા ઈચ્છે તો કોર્ટને સંપર્ક કરે તેમ જણાવાયું**

સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા વંડા પોલીસ સ્ટેશન પાર્ટ–એ, ગુન્હા રજી. નં. ૧૧૧૯૩૦૬૧૨૩૦૦૬૯/૨૦૨૩ (ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ

અનુસંધાન પાના ૬ ઉપર

### પોલીસ અધિક્ષકની સુચનાથી ડુંગર પોલીસની કામગીરી

# અમરેલીની સબજેલના દરવાજા બહારથી યુવકનું અપહરણ કરનાર ૩ આરોપી ઝડપાયા

**વધુ તપાસ અમરેલી સીટી પોલીસે શરૂ કરી**



અમરેલી, તા. ૧

અમરેલી સબ જેલના ગેટ બહારથી કાળા કલરની ફોર વ્હીલ ગાડીમાં માર મારી અપહરણ કરી નાસી જનાર સાત ઈસમો પૈકી ત્રણ ઈસમોને પકડી ડુંગર પોલીસ ટીમે ઝડપી લીધેલ છે.

આ કામની હકીકત એવી છે,કે નિરંજનભાઈ દિનેશભાઈ સાગર રહે.ડુંગર (તા.રાજુલા) યુવકે રીધ્ધી નામની યુવતી સાથે તા.૨૪/૭ના રોજ ભાગી જઈ પ્રેમ લગ્ન કરેલ જેનુ મનદુખ તે જ ગામે રહેતા ધ્રુવીલ મનહરદાસ

અનુસંધાન પાના ૬ ઉપર

### પોસ્ટ ઓફિસનાં ગ્રાહકો પ્રિન્ટરનાં અભાવે દુઃખી દુઃખી


# શોભાનાં ગાંઠીયા : કુંકાવાવની પોસ્ટ ઓફિસનું પ્રિન્ટર ચાલુ કરતાં વધારે પ્રમાણમાં બંધ રહે

**વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતમાં ઝડપથી કામ થવામાં પરેશાની**

કુંકાવાવ, તા. ૧

કુંકાવાવ પોસ્ટ ઓફિસમાં છેલ્લા ઘણા સમયથી પ્રિન્ટર બંધ હોવાની ઘટનાથી ગ્રાહકો અને કર્મચારીઓ ભારે મુશ્કેલીની સામનો કરી રહયા છે. મહિનામાં બંધ દિવસો વધુ અને ચાલુ હોવાનાં દિવસો ઓછા હોય તેવો ઘાટ જોવા મળી રહયો છે અને પ્રિન્ટર રીપેર કરવા માટે અમરેલી મોકલવામાં આવે છે. આઠથી દશ દિવસ રીપેરીંગમાં લાગે છે અને ચાલુ કરીને પરત મોકલવામાં આવે ત્યારે હજારો ગ્રાહકોની બુકમાં એન્ટ્રી, ચેક સહિતની કામગીરી જે ભેગી થઈ હોય તે રજાનાં દિવસોમાં પણ કર્મચારી કરીને ગ્રાહકોને પરત આપે છે. ત્યારે થોડા દિવસ ચાલુ રહયા બાદ ફરી બંધ થાય છે ત્યારે ફરી અમરેલી મુકવા અને લેવા જવાની વ્યવસ્થા ઓફિસ દ્વારા કરવામાં આવી ઘટના વારંવાર બની રહી છે. ત્યારે તાલુકા કક્ષાની ઓફિસમાં આવી સામાન્ય ગણાતી પ્રિન્ટરની સેવા પણ નિયમીત જોવા મળતી નથી. આ બાબતે જાગૃત નાગરિક દ્વારા અમરેલી હેડ ઓફીસમાં ઓનલાઈન ફરિયાદો પણ કરવામાં આવે છે. પણ જિલ્લા ઓફિસની બેદરકારીથી કુંકાવાવ વિસ્તારના અનેક ગ્રાહકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે હવે એક વધારાનું પ્રિન્ટર આપો અથવા નવું મશીન ફાળવવામાં આવે તો જ કાયમી સમસ્યાનું નિવારણ આવે અને કર્મચારીઓ અને ગ્રાહકોની અનેક પ્રકારની મુશ્કેલી દુર થાય તેવું ઈચ્છી રહયા છે. ત્યારે ગત તા. ૨૫/૭/૨૩થી આજ દીન સુધી પ્રિન્ટર અમરેલી રીપેરીંગમાં મોકલવામાં આવ્યુ છે. આઠ દિવસ થવા છતાં રીપેર કરી પરત મોકલવામાં આવતું નથી.

## દુઃખદ અવસાન/બેસણું



**સ્વ. બાલાભાઈ નાજભાઈ માંજરીયા**

સ્વ.તા. ૩૦-૦૭-૨૦૨૩, રવિવાર. (ઉ.વ.૮૩)

અમારા માંજરીયા પરિવારનાં મોભી શ્રી બાલાભાઈ નાજભાઈ માંજરીયા (ઉ.વ.૮૩)નું તા. ૩૦-૦૭-૨૦૨૩, રવિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગત આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**: સદ્‌ગતનું બેસણું :**

તા. 03–0૮–૨૦૨૩, ગુરૂવાર. સમય : સવારે ૮:00 કલાક થી સાંજના ૭:00 કલાક
સ્થળ : ''આદિત્ય'' મહિલા વિકાસ ગૃહની બાજુમાં, કેરીયા રોડ, અમરેલી.

લી.

હિતેષભાઈ બાલાભાઈ માંજરીયા
(મો.૯૮૨૫૨ ૩૫૧૯૦)
વિક્રમભાઈ બાલાભાઈ માંજરીયા
(મો.૯૭૨૫૧ ૮૦૨૧૫)
ઈન્દ્રજીતભાઈ એમ. હુદડ (PI - સુરત સીટી)
ધ્રૂવરાજ હિતેષભાઈ માંજરીયા
શ્રી કાર્તિક આઈ. હુદડ

**સમગ્ર માંજરીયા પરિવાર – અમરેલી**

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
Since 1986

તક માત્ર બાર ખખડાવી શકે, દરવાજો તો આપણે જ ખોલવો પડે ....

95558 11166

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.૩, જી.આઈ.ડી.સી. પાસે, લાઠી રોડ, અમરેલી-૩૬૫૬૦૧

પ્રવેશની છેલ્લી તક...

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- F.Y.B.COM (SEM-1) ધો.૧૨ની પુરક પરીક્ષા પાસ થયેલ વિદ્યાર્થી ભાઈ/બહેન માટે પ્રવેશની છેલ્લી તક મર્યાદીત સંખ્યા જ બાકી હોય, તુરત પ્રવેશ મેળવી લેવો.
- M.COM (SEM-1) માં પણ મર્યાદીત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોય, તુરત પ્રવેશ મેળવી લેવો.

: વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક કરો :
ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯, સમય : સવારે ૮ થી ૧૨:૩૦ સુધી

શ્રી ડો.એસ.પી. સીતાપરા - પ્રિન્સિપાલ : મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
શ્રીમતી વનીતા બી. સીતાપરા - મેનેજીંગ ટ્રસ્ટી : મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)